
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ અભિમાન ત્યાગ ... ( ભગવાનદાસ મ. મહેતા ) ... ... ૨૪૫
૨ સત્ય જ્ઞાનનું રહસ્ય. ... ( અનુવાદ ) ... ... ... ૨૪૭
૩ પ્રતિબિંબ. ... ( રા. સુશીલ ) ... ... ... ૨૫૦
૪ દરેક યાત્રાળુ ભાઇ–બ્હેનોને અગત્યની હિત સુચના ( સ૦ ક૦ વિ૦ ) ... ૨૫૬
૫ શ્રવણ અને સંસ્મરણ ... ( રા. સુશીલ ) ... ... ... ૨૫૭
૬ ગુરૂ ગુણ સ્તુતિ કાવ્ય. ... ( રાજપાળ મગનલાલ વ્હોરા )... ... ૨૬૧
૭ ઉપવાસ ... ... ( આત્મવલ્લભ ) ... ... ... ૨૬૨
૮ ચર્ચા પત્ર ... ... ... ... ... ... ... ૨૬૩
૯ વર્તમાન સમાચાર... ( આ સભાની ૩૯ મી વર્ષગાંઠ અને પૂજ્યપાદ ગુરૂરાજ શ્રી જયંતી તથા વીલેપારલે વગેરે સ્થળે ઉજવાયેલ ગુરૂજયંતિ. )... ૨૬૫


## સ્ત્રી શિક્ષણની ઉચ્ચ પરીક્ષામાં પસાર.

**બ્હેન ચંપાલક્ષ્મી વૃજલાલ વકીલ**—આ વર્ષે શ્રી કર્વે યુનીવરસીટીની જી. એની પરીક્ષામાં પાસ થયા છે. બ્હેન ચંપાલક્ષ્મી સુશીલ, વિનયી અને ભાવનગરના જૈન સમાજના ખાનદાન કુટુંબના વકીલ વૃજલાલભાઇ દીપચંદના સુપુત્રી થાય છે. આ વર્ષે તેઓ ઉપરોક્ત શિક્ષણની ઉંચી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે, જેથી અમો ખુશાલી જાહેર કરીએ છીએ. બ્હેન ચંપાલક્ષ્મી સ્ત્રી–શિક્ષણ વિશેષ મેળવી અત્રેની જૈન સમાજની અન્ય બ્હેનોને તેમના જેવા શિક્ષિત બનાવે તેમ સુચવીએ છીએ.

### નવા માનવંતા લાઇફ મેમ્બરો.

| | | |
|---|---|---|
| ૧ | શેઠ રતીલાલભાઇ વાડીલાલ. | મુંબઇ. |
| ૨ | શ્રી જૈન પુસ્તક ભંડાર હા. શેઠ હેમચંદ રતનશી. | ગોંડલ. |
| ૩ | શેઠ નેમચંદ ગિરધરભાઇ | ભાવનગર. |
| ૪ | શેઠ મગનલાલ જાદવજી | ,, |
| ૫ | શા. ડાયાલાલ પ્રાણજીવનદાસ. | ,, |
| ૬ | શા પ્રેમચંદ ત્રિભુવનદાસ | ,, |
| ૭ | સંઘવી ઉત્તમચંદ વેલચંદ | ,, |

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

अन्तरङ्गं महासैन्यं समस्तजनतापकम् ।
दलितं लीलया येन केनचित्तं नमाम्यहम् ॥ १ ॥

આત્માનું અંતરંગ મહાસૈન્ય ( કામ–ક્રોધાદિ ) કે જે વિશ્વના પ્રાણીઓને સંતાપ કરનારૂં છે તેનો જેમણે લીલા માત્રથી વિનાશ કર્યો છે તેમને હું નમસ્કાર કરૂં છું.

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३२ } वीर सं. २४६१. ज्येष्ठ आत्म सं. ३९. { अंक ११ मो.

## અભિમાનત્યાગ.

ત્રોટક:—

મનમાં સુમનો ! મત માન ધરો,
મનમાં સુજનો ! ન ગુમાન કરો;
કડવો પરિપાક જ માનતણો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૧.

નહિં માનમહિં પ્રભુતા દીસતી,
નકી માનમહિં લઘુતા વસતી;
પ્રભુતા લઘુતામહિં આપ ગણો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરષાઋતુમાં નહીં ગર્વ ધરે,
ન જ સાગર અંભીર ગર્વ કરે;
ત્યમ ગર્વી ન સાગરપેટ જનો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૩.

નકી માન-ગજે નિજ માનતણું,
નીકળે સત માપ પ્રમાણ ગણું;
નિત માનનું માન હરે સુજનો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૪.

વળી માન-ગજે જન જે ચડશે,
દ્રય ભાવથી તેહ નીચે પડશે;
બહુ બાહુબલાદિ ઉદાહરણો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૫.

નમતો જન તો સઘળે ગમતો,
ગમતો ન જ જે ન કદી નમતો;
વશ વિનયથી પણ વૈરી જનો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૬.

ફળતાં તરુ આમ્ર સુનમ્ર બને,
ફળતાંય અનમ્ર ન તાડ નમે;
જગમાં પ્રિય થાય વિનમ્ર જનો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૭.

નૃપ રાવણનું ય ન માન રહે,
કયમ અન્યનું તેહ રહે જ કહે ?
બળિઓ બળિઆથીય હોય ઘણો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૮.

નિજ આત્મતણા ગુણવિકસને,
ગિરિરાજ સમો મદ કોટ બને;
પ્રગતિ--સ્થગતિકર માન ગણો,
મૂકી માન મનુષ્ય મહાન બનો. ૯.

**ભગવાનદાસ મ. મહેતા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

પ્રકરણ બીજું

## સૃષ્ટિકર્તૃત્વવાદ.

( ગતાંક પૃષ્ઠ ૨૨૬ થી શરૂ. )

ભૂત, પ્રેત આદિની માન્યતા સામાન્ય રીતે પૂર્વના દેશોમાં અને ખાસ કરીને હિન્દમાં પ્રબળપણે પ્રવર્ત્તે છે. આથી ભૂત વિગેરેનું નિવારણ કરનારા મંત્રવાદીઓ વિગેરેનો ધંધો ધીકતો ચાલે છે. ભૂત, પ્રેત આદિ પોતાનાં પૂર્વજન્મનાં સ્થાન કે નિવાસસ્થાન પર અવારનવાર આવે છે, ત્યાં એક પ્રકારનો વાસો કરે છે. ઘણે પ્રસંગે તેમનું દ્રશ્ય પૂર્વજન્મનાં દ્રશ્યને યથાર્થ અનુરૂપ હોય છે, એવી તેમના સંબંધમાં સામાન્ય જનતાની દઢ માન્યતા છે. કોઇ વાસનાની પરિતૃપ્તિ ન થઇ હોય તો ભૂત આદિની દશા પ્રાપ્ત થાય છે એવી માન્યતા જનસમૂહમાં સામાન્ય રીતે ઓછે-વત્તે અંશે દ્દષ્ટિગોચર થાય છે. વાસનાની પરિતૃપ્તિ અર્થે ભૂત, પ્રેત આદિનું આગમન થાય છે અને સ્ત્રીઓ તથા બાળકો ખાસ કરીને તેમની દુર્વાસનાનો ભોગ થઇ પડે છે એમ પણ સામાન્ય રીતે મનાય છે. ભૂત આદિનાં ઘોર આક્રમણથી અનેક મનુષ્યોનાં જીવન અનેક રીતે દુઃખી થાય છે ભૂત આદિનાં અસ્તિત્વથી ઘણાયે મનુષ્યો આખુંયે જીવન અસહ્ય દુઃખમાં વ્યતીત કરે છે. કાર્યસાધક ગણાતા અનેક ઉપાયોથી પણ કેટલાક ભૂત આદિની ઉપાધિથી મુક્ત નથી થઇ શકતા. ભૂત આમ સર્વ રીતે ભયરૂપ અને દુઃખાસ્પદ બને છે. તેનું દુઃખઃદાયિત્વ વર્ણનાતીત થઇ પડે છે. તેનાં નિવારણ માટે મંત્રઆદિ પણ કેટલીક વાર નિષ્ફળ નીવડે છે. મંત્રરૂપી મહાન્ શક્તિથી પણ ભૂત-પ્રેતનું નિવારણ અશક્ય બને છે. ભૂત-પ્રેતની આ પ્રબળ શકિતનું કારણ યથાર્થ રીતે સમજવું એ આથી ખાસ આવશ્યક છે.

પ્રબોધનનાં નિયમનાં યથાયોગ્ય જ્ઞાનથી ભૂત આદિની પ્રબળ શક્તિનું કારણ વિગેરે બરોબર સમજી શકાય છે. પ્રબોધનનું વાસ્તવિક જ્ઞાન હોય તો મંત્ર આદિની શક્તિ વિષે નિરતિશય શ્રદ્ધા પરિણમે છે. આ રીતે પ્રબોધનનાં જ્ઞાનથી બલયુકત આંદોલનોનો આવિર્ભાવ થવા માંડે છે. શંકા, દૌર્બલ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિનો સર્વથા નાશ થાય છે, ઇચ્છાશકિત પાછી વ્યવસ્થિત રૂપમાં આવી જાય છે. ઇચ્છાશકિત વ્યવસ્થિત થતાં ભૂત—પ્રેત આદિ અદૃશ્ય થઈ જાય છે.

મૃત્યુ બાદ આત્માનું અસ્તિત્વ કાયમ કેમ રહે છે એ પ્રશ્નનો અર્થાત્ આત્માના અમરત્વનો આપણે હવે વિચાર કરીએ. અતીન્દ્રિય દૃશ્યોના અભ્યાસમાં જે વિદ્વાનોએ પોતાનું સમસ્ત જીવન વ્યતીત કર્યું છે તેમણે આત્મા સત્ય અને અમર હોવાની અનેકશઃ ઘોષણા કરી છે. આત્માનું ચેતનાયુકત અસ્તિત્વ ભૌતિક દ્રવ્યથી પર રીતે પણ સંભાવ્ય છે એવો આત્મસ્વરૂપના જ્ઞાતાઓનો સ્પષ્ટ મત છે. મી. હડસન જેઓ આત્માના અમરત્વના સિદ્ધાન્તના પ્રખર હિમાયતી છે તેમણે "A Scientific Demonstration of future life" (ભાવી જીવનનો વૈજ્ઞાનિક સિદ્ધાન્ત) નામક પુસ્તકની પ્રસ્તાવનામાં આત્માનાં અમરત્વ આદિ નિદર્શક વિચારો વ્યકત કર્યા છે. એ વિચારો અત્યંત મનનીય હોવાથી આ નીચે આપ્યા છે:—

"મનુષ્યની માનસિક રચનાનું જ પૃથક્કરણ કરીને મેં ભાવી જીવનનાં અસ્તિત્વનો નિર્ણય કરી લીધો છે. મનુષ્યનું શારીરિક, બુદ્ધિવિષયક અને આધ્યાત્મિક સ્વરૂપ જ એવું છે કે ભાવિ જીવન મનુષ્ય માટે અશકય છે એવો નિર્ણય તર્કરહિત થઈ પડે છે. મનુષ્યનાં ભાવી જીવનનો વિચાર વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારતાં પણ સર્વથા ગ્રાહ્ય લાગે છે. ભાવી જીવનનાં અસ્તિત્વનો ઈન્કાર પ્રતિપાદ્ય થઇ શકતો નથી."

મી. હડસન આત્માનાં અમરત્વ સંબંધી પોતાનાં ઉપરોક્ત પુસ્તકના અંતભાગમાં જણાવે છે કે:—

"મનુષ્યનાં ચિત્તની કોઇ શક્તિ, વૃત્તિ કે રચના એવી નથી જેનો કોઇ ને કોઈ ઉપયોગ કે ઉદ્દેશ ન હોય. મનુષ્યને બે પ્રકારનાં મન છે. શરીરશાસ્ત્ર, શસ્ત્રવૈદ્યવિદ્યા તેમજ માનસશાસ્ત્રની દૃષ્ટિએ મનુષ્યનાં બન્ને મનોનું અસ્તિત્વ સિદ્ધ થયું છે. આમાંનું એક ચિત્ત શરીર ક્ષીણ પામતાં શક્તિરહિત થતું જાય છે, બીજું મન શરીર દુર્બળ થતાં બળવાન બનતું જાય છે. મસ્તિષ્કની કાર્યશકિત વિરામ પામતાં આ મન વિશેષ બળવાન બને છે. મૃત્યુ વખતે તો તેની શકિત આશ્ચર્યકારી રીતે વધી જાય છે. આથી મૃત્યુને પરિણામે આ બીજા મનનો વિનાશ નથી થતો એવો નિશ્ચય સાહજિક રીતે થઇ શકે છે. આ બીજું મન એક અદ્વિતીય શકિત છે અને તેનો મૃત્યુથી નાશ થતો નથી. એ બીજા મનને માટે એક જીવનમાં જે કાર્ય અધુરૂં રહ્યું હોય તે કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજાં જીવનમાં થવું જ જોઇએ. મનુષ્યને પોતાની શક્તિને અનુરૂપ કાર્યો આ જીવનમાં કરવાનાં છે એ સુવિદિત છે. તેની પ્રત્યેક શકિતને પોતપોતાનો કાર્યપ્રદેશ છે. મનુષ્યથી પોતાની શકિતને અનુરૂપ કાર્યો આ જીવનમાં કદાચ ન થાય તો એ કાર્યો ભાવી જીવનમાં તેણે અવશ્ય કરવાં જ જોઇએ એમ નિષ્પન્ન થાય છે. ”

મી. માયર્સે “ The Human Personality and Its Survival of Bodily Death ” ( માનુષિક વ્યકિતત્વ અને મૃત્યુ બાદ તેની હયાતિ ) નામે પુસ્તકમાં આત્માનાં અમરજીવનના સિદ્ધાન્તનું પ્રતિપાદન ભારપૂર્વક કર્યું છે. આત્માનાં ભાવી જીવન વિષે તેમણે મજકુર પુસ્તકના બીજાં પ્રકરણમાં જે મનનીય વિચારો રજુ કર્યા છે તે નીચે પ્રમાણે છે.-

“ દરેક મનુષ્યની શક્તિ અનંત હોય એમ મને લાગે છે. તેના આત્માનાં સ્વરૂપનું પૃથક્કરણ કરવું એ જાણે કે અશકયવત્ હોય એમ પ્રતીત થઇ શકે છે. શરીરથી અવબદ્ધ થયાં છતાં શરીરમાં આત્માનું અસ્તિત્વ નૈસર્ગિક રીતે રહે છે. આત્માનું એ અસ્તિત્વ શરીરના નાશ પછી પણ વિદ્યમાન રહેશે એ નિઃસંશય છે. ”

મૃત દેહધારીઓનો અનંતકાળ સુધી અવિરત વિકાસ થયા કરશે એવો મી. માયર્સનો દૃઢ અભિપ્રાય છે. આથી તેમણે આત્માના અનંત વિકાસ સંબંધી પોતાના વિચારો નીચે પ્રમાણે વ્યકત કર્યા છેઃ—

“ આધ્યાત્મિક વિકાસ એ જીવનનો પ્રધાન ઉદ્દેશ છે. એ ઉદ્દેશની પ્રાપ્તિ ક્રમશઃ શકય છે. આ આધ્યાત્મિક વિકાસનો અંત હોય એમ નથી લાગતું. આધ્યાત્મિક વિકાસ એ ખરૂં જીવન છે. આધ્યાત્મિક વિકાસ પ્રાપ્ત થતાં ભયનો નાશ થાય છે. આધ્યાત્મિક વિકાસને અભાવે ભયનો આવિર્ભાવ થતો જાય છે. ભયનો વિનાશ થતાં જીવનનું સત્ય લક્ષ્યબિંદુ દૃષ્ટિગોચર થાય છે. ભય જાય એટલે જીવનમાં અનેરો ઉત્સાહ આવે એવી બુદ્ધધર્મની માન્યતા યુકિત યુકત છે. અજ્ઞાન હોય ત્યાં સુખની સંભાવના શકય ન હોઇ શકે. આથી તાત્કાલિક સુખની પ્રાપ્તિના સંબંધમાં પાશ્ચાત્યોની કલ્પના અર્થ રહિત છે. અવ્યવહારૂ વિચારોને પરિણામે એવી કલ્પનાનો ઉદ્ભવ થયો હોય એ બનવાજોગ છે. આધ્યાત્મિક વિકાસ સંબંધી મુસ્લીમોની કલ્પના છેક હાસ્યજનક હોય એમ લાગે છે. એ કલ્પના બાલીશ અને અધઃપતનજનક હોવાથી સર્વથા ત્યાજ્ય છે. ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

## અનાચારના અવશેષો.

ભગવાન્ મહાવીર અને ગૌતમબુદ્ધના ધર્મપ્રચાર સાથે જ ભારતવર્ષના ઈતિહાસની ઉષા પ્રકટતી જણાય છે. સૂર્ય અને ચંદ્રની બેલડી સમા એ સમર્થ રાજકુંવરો જાણે કે રાત્રીના યુગવ્યાપી અંધકારને એકલે હાથે ઉલેચી રહ્યા છે. અઢી હજાર વર્ષ પહેલાં–શ્રી મહાવીર અને બુદ્ધદેવના ઉદય પૂર્વેની પરિસ્થિતિનું જેવું જોઈએ તેવું સ્પષ્ટ ચિત્ર હજી કોઈએ આલેખ્યું નથી. જે કંઈ છૂટાંછવાયાં ઉલ્લેખો મળે છે તે ઉપરથી રાત્રીના દુઃસ્વપ્ન જેવી જ દશા પ્રવર્ત્તતી હોવી જોઈએ.

---

મસ્તિષ્કરૂપી ભૌતિક દ્રવ્યમાંથી ચેતના–અંતર્જ્ઞાનની નિષ્પત્તિ થાય છે એવી કલ્પના સર્વથા અસત્ય છે. એ કલ્પનાનો ત્યાગ કરી ચેતનાને જ સત્ય ગણવામાં જીવનનું પરમ શ્રેય છે. ચેતનાનું કાર્ય ભૌતિક પદાર્થોનાં કાર્યથી તદ્દન વિભિન્ન છે. ચેતનાનું રહસ્ય બરોબર સમજનારને પૂર્વજીવન અને ભાવી જીવનની પ્રતીતિ થઈ શકે છે. ચેતનાનો સિદ્ધાન્ત યથાયોગ્ય રીતે સમજાય તો આત્માનાં અમરત્વનો નિશ્ચય થાય છે. મહાન્ પુરૂષોને પૂર્વજન્મનાં સંસ્મરણની શકયતા એ આત્માના અમરત્વના સિદ્ધાન્તના એક આનુષંગિક સિદ્ધાન્ત (Corollary) રૂપ છે એમ નિશ્ચયપૂર્વક કહી શકાય. પૂર્વજન્મનાં સંસ્મરણથી કેટલીકવાર અમુક વૃત્તિઓમાં પરિવર્ત્તન શકય બને છે. આત્માનું યથાર્થ અન્વીક્ષણ જેમનાથી થઇ શકે એવા મહાપુરુષોથી પૂર્વજન્મોનું સંસ્મરણ જરાયે દુષ્કર નથી.

મહાન્ તીર્થંકરોનાં પવિત્ર જીવનનો યથાયોગ્ય અભ્યાસ થાય તો પૂર્વજન્મનાં અંતર્જ્ઞાનની પ્રાપ્તિ સામાન્ય રીતે વિચારતાં મનુષ્ય માટે શકય છે, એમ સ્પષ્ટ રીતે જણાય છે. પૂર્વજન્મોનું સંસ્મરણ પ્રબોધનભાવથી પણ કેટલીકવાર થઇ શકે છે. પ્રબોધનભાવનું આ મહત્ત્વ ખાસ વિચારવા જેવું છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સાહિત્યમાં અને બૌદ્ધ જાતકોમાં જે આછી–ઘેરી રેખાઓ અંકાઇ છે તે જોતાં મહાવીર ભગવાનના ઉદય પહેલાં ખરેખર જ સમાજમાં, ધર્મમાં બહુ જ અંધાધુંધી વ્યાપેલી હોવી જોઇએ. બળશાલીઓના અનાચાર અને નિર્બળોનાં કરૂણ આક્રંદનો ભાર કદાચ પૃથ્વીને પોતાને જ અસહ્ય થઇ પડયો હશે, એટલે જ માનવજાતિના પુણ્યના પરિપાક જેવા બે રાજપુત્રો એણે જન્માવ્યા. એમના જન્મથી આર્યાવર્ત્ત અહોભાગી બન્યું. એમણે જ પોતાના નિર્મલ પ્રકાશવડે મેઘશ્યામ ગગનમાં ઇન્દ્રચાપનાં વિવિધ અને સુરમ્ય રંગ વહાવ્યા.

એ સમયના અનાચારના થોડા અવશેષો કેટલાક સ્થાનકોમાં જળવાઇ રહ્યા છે. વેશ્યાઓની અધિકતા, નારીજાતિની વિડંબના અને પુરૂષોના અત્યાચાર સૌ પહેલું આપણું લક્ષ ખેંચે છે.

વૈશાલી ભગવાન મહાવીરની જન્મભૂમિ હતી. ગૌતમબુદ્ધ પણ ત્યાં ઘણીવાર આવ્યા હતા. વૈશાલી વિષે ગૌતમબુદ્ધને બહુ પક્ષપાત રહેતો. આ વૈશાલીમાં, એ વખતે પ્રજાતંત્ર જેવું હતું. પ્રજાતંત્રના સુકાનીઓ–સંચાલકો પુરૂષો જ હતા. એમણે એક એવો નિયમ કર્યો હતો કે જો કોઇપણ કન્યા અતિ સૌંદર્યશાલી હોય તો તેનાથી પરણી શકાય નહીં. એણે અવિવાહિત રહીને સર્વ પુરૂષોના મનોરંજન અર્થે પોતાના સ્વાતંત્ર્યનું બલિદાન દઇ દેવું જોઇએ.

અંબપાલી એવી જ સૌંદર્યશાળી સ્ત્રી હતી. અંબપાલી જેમ રૂપની રાશી સમાન હતી તેમજ કળા વિગેરેમાં પણ ખૂબ કૂશળ હતી. ગૌતમબુદ્ધે જ્યારે, વૈશાલીમાં આવી, પહેલવહેલા અંબપાલીને જોઇ ત્યારે તેઓ પણ સજ્જડ બની ગયા. એમણે પોતાના શિષ્યોને કહ્યું: "આ સ્ત્રી એટલી બધી સુંદર છે કે ભલભલા તપસ્વીઓનાં શીલ પણ હલી જાય, પણ આટલી એક વાત યાદ રાખજો કે સ્ત્રીના મોહમાં પડવું તેના કરતાં વાઘના મ્હોંમાં પડવું વધારે સારૂ છે." એ અંબપાલી પાછળથી ગૌતમબુદ્ધની અનુરાગી બની અને પોતાની ઘણીખરી મિલ્કત ધર્મના કાર્યોમાં વાપરી.

વૈશાલીની જેમ રાજગૃહી નગરી પણ આપણને પરિચિત છે. ભગવાન્ મહાવીરે પોતાની પદરેણુથી આ રાજગૃહીની ભૂમિને ઘણીવાર પાવન કરી હતી. અહીં એક સિરિમા નામની વેશ્યા રહેતી. તે ૫૦૦ જેટલી વેશ્યાઓની સરદાર હતી. શ્રીમંત યુવાનો સિરિમાની જાળમાં એવી અજબ રીતે ફસાતા કે એમાંથી તેઓ છટકી શકતા નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિરિમા મૃત્યુ પામી એટલે બુદ્ધદેવે આજ્ઞા કરી કે: "એના દેહને કોઇ અગ્નિદાહ ન દેશો. એના મૃતદેહને એવે સ્થાને રાખો કે દરેક માણસ તે જતાં-આવતાં જોઇ શકે અને સ્ત્રીનું રૂપ કેટલું દગાખોર છે તેની પ્રતીતિ મેળવી શકે." સિરિમા પાછળથી બાદ્ધસંઘની સાધ્વી બની હતી. સિરિમાના મૃતદેહની ભયંકરતા જોવાં છતાં રાજગૃહીવાસીઓ સદાચારી બન્યા હોય એવું એકકે ઉદાહરણ નથી મળતું.

કાશીમાં પણ વેશ્યાઓની બોલબાલા હતી. એક વેશ્યા તો એવી હતી કે કાશીના મહારાજાની રોજની આવક જેટલી એની એક રાત્રીની આવક હતી. પછી તો તેણીએ પોતાની ફી અર્ધી કરી નાખી. એ "અર્ધકાશી" નામે પ્રખ્યાત બની.

સામા નામની કાશીની એક વેશ્યા રૂપ-ગુણમાં ખૂબ જાણીતી બની હતી. એક દિવસે તેણીએ પોતાનાં ઝરૂખામાંથી એક લૂટારાને જતો જોયો. રાજના સીપાઇઓ તેને પકડીને લઇ જતા હતા. સામા તેની ઉપર મોહિત બની. રાજ્યનો દંડ ભરીને લૂટારાને છોડાવ્યો અને પોતાનો ધંધો છોડી દઇને તેની સાથે પોતાનો સંસાર શરૂ કર્યો.

લૂટારાએ એક દિવસે વિચાર કર્યો કે: ગમે તેમ પણ આ એક ચંચળચિત્તવાળી વેશ્યા છે. એનો પ્રેમ કંઇ સ્થાયી ન ગણાય. એ કદાચ મારે વિષે વિરક્ત બને અને બીજો કોઇ પ્રેમી લાધે તો મારૂં ખૂન પણ કરાવે. આવો વિચાર કરીને લૂટારાએ સામાનું ડોકું મરડી નાંખ્યું અને પોતે નાશી છૂટ્યો.

ઘોર પાપાચારના આ અવશેષો જોવા છતાં ગૌતમબુદ્ધે અને ભગવાન્ મહાવીરે પોતાનો આશાવાદ ન છોડયો. એમણે પતિતાઓના ઉદ્ધાર અર્થે કેડ બાંધી. પતિતા પણ પવિત્ર બની શકે છે એ પ્રકારનો એમણે પ્રકાશ પ્રકટાવ્યો. સ્ત્રી જાતિ તરફ એમણે જે શ્રદ્ધાનો ભાવ દર્શાવ્યો તે જોઇને ઘણી ઘણી સ્ત્રીઓ એમના સાધ્વીસંઘમાં ભળી.

અહીં એક-બે વાતો બહુ વિચારવા જેવી છે. એક તો પુરૂષ વર્ગને હાથે સ્ત્રીજાતિ ઉપર એટલો બધો અન્યાય ગુજરતો હતો-એટલાં અનાચારમાં એ ફસાયેલી હતી કે સાધ્વીસંઘની નિર્મળતા અને પવિત્રતા એમને બહુ જ મોહક તેમજ આકર્ષક લાગી. સંસારનાં પ્રપંચોમાંથી છૂટવા એમના દિલમાં ઉત્સુક્તા જન્મી. બીજી વાત એ પણ છે કે અનાચારનાં પરિણામનાં જે ચિત્રો આ ધર્મોપદેશકોએ દોર્યાં હતાં તે જોઇને અનાચારી સ્ત્રીઓ ચમકી ઉઠી. નરકના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભયે એમનાં અંતર હચમચાવી મૂકયાં. આ બન્ને કારણોને લીધે ભિક્ષુણીસંઘમાં ઘણી સ્ત્રીઓ સામેલ થઈ. જે રાજાઓ બૌદ્ધધર્મના કે જૈનધર્મના અનુયાયીઓ હતા તેઓ ગમે તેવી દુરાચારી સ્ત્રીનાં પણ અપરાધ કે પાપની ઉપેક્ષા કરતાઃ એટલે કે સાધ્વીસંઘમાં ભળ્યા પછી, એમના પૂર્વ જીવનનાં પાપ ક્ષંતવ્ય ગણાતા.

થોડો વખત તો આ બધું ઠીક ઠીક ચાલ્યું, પણ સંઘના એ કાચા પાયા જોતજોતામાં હલી ઉઠ્યા. અનુકૂળતાએ ઉપજાવેલો વૈરાગ્યદીપક રોજરોજ ઝંખવાતો ચાલ્યો. સમર્થ ધર્મધુરંધરના અભાવે ભિક્ષુઓમાં પણ સડો પેઠો. ભિક્ષુણીઓનો કેટલોક ભાગ અનાચારિણી સ્ત્રીઓનો જ બનેલો હતો. એમણે ભિક્ષુઓની નબળાઇનો લાભ લીધો.

વિકારો અથવા નબળાઇઓનું શોધન જ્યાં નથી થતું, વિકારોને બળજોરીથી દબાવી દેવાનો આગ્રહ રાખવામાં આવે છે ત્યાં એનો પ્રત્યાઘાત થયા વિના નથી રહેતો. કમાન દબાયેલી રહે ત્યાં સુધી તો ઠીક છે, પણ જેવી એ ઉછળે કે તે જ ક્ષણે બમણા બળથી આઘાત કરે. અહીં પણ એવું જ બન્યું. સૂતેલા વિકારો જાગૃત થયા–બમણા બળથી એમણે બળવો જગાવ્યો. તપસ્વીઓના તપોબળ ડગમગ્યાં. સાધ્વીઓની જેમ સંઘના કેટલાક સાધુઓ પણ એવા હતા કે જેમણે રાજદંડથી બચવા અથવા તો એવા જ કોઇ ક્ષણિક આવેશથી પ્રેરાઇ સાધુવેશનું શરણું સ્વીકાર્યું હતું. આ બધાના પરિણામે ગુપ્ત અનાચારનાં મૂળ મજબૂત બન્યાં.

સંઘના સંસ્થાપકોએ સંઘની સુદૃઢતા જાળવવા બંધારણ તો બહુ સારી રીતે યોજ્યું હતું. ભિક્ષુ અને ભિક્ષુણી પરસ્પરના આકર્ષણથી અલગ રહે એવી ગોઠવણ કરી હતી. પણ મનુષ્યપ્રકૃતિ ઘણી વિચિત્ર હોય છે. ખુલ્લા દરવાજા નથી હોતાં ત્યાં પણ તે ન્હાનાં–ન્હાનાં બારી બારણાનો આશ્રય લઇ પોતાની વૃત્તિને સંતોષે છે. બંધારણમાં પણ એવી બારીઓ રહી જવા પામી હતી.

એક તો ભિક્ષુણીને ભિક્ષુ કરતાં બહુ નીચું સ્થાન મળતું. એક દિવસનો દીક્ષિત ભિક્ષુ, સો વર્ષની દીક્ષિતા સાધ્વી કરતાં વિશેષ સન્માનનીય ગણાતો. દરેક ભિક્ષુ, ભિક્ષુણીને માટે વંદનીય હતો. બીજું ભિક્ષુણીને ભિક્ષુ પાસે પોતાનાં પાપોની કબૂલાત કરવી પડતી. પાપોની આલોચના–પ્રાયશ્ચિત કરવું પડતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભિક્ષુ અને ભિક્ષુણીઓના પરસ્પરના અનાચાર ઉપરાંત જાતકોમાં કેટલાક પ્રસંગો એવા છે કે જે ઉપરથી સમાજને વિષે એ અનાચારની લીંટીઓ કેટલી ઉંડી ઉતરી હતી તેની કલ્પના થઈ શકે. ઉપાલંભા એક શ્રીમંત શેઠની પુત્રી હતી. એ બહુ જ ખુબસુરત હતી. રાજકુમારો પણ એનો હાથ મેળવવા તલસતા. એનો એક પ્રેમિક ઉપાલંભા તરફ કંઇક બેવફા બન્યો. ઉપાલંભા દીક્ષા લઇને ચાલી નીકળી. એનો જ એક કુટુંબી ભાઈ ઉપાલંભાના રૂપમાં અંજાયો. તે છાનોમાનો જઇને ઉપાલંભાની ખાટ નીચે સંતાઇ રહ્યો. મધ્યરાત્રિએ જ્યારે લાગ મળ્યો ત્યારે તેણે ઉપાલંભા ઉપર બળાત્કાર કર્યો.

એ જ પ્રમાણે ભિક્ષુઓ પણ આહાર માટે વસતીમાં જતા ત્યારે ક્વચિ ગૃહનારી ભિક્ષાની સાથે પોતાનો દેહ પણ ભોગ અર્થે અર્પતી.

પણ આ ઉપરથી આખી સંસ્થા કલંકિત–કલુષિત બની ચૂકી હતી એમ ન કહેવાય. ઉપગુપ્ત જેવા વિરાગી પણ એ સંસ્થામાં હતા, જેમણે વાસવદત્તા જેવી રૂપગર્વિણી વેશ્યાની વિનવણીને ઠોકરે મારી પોતાના ચારિત્રની નિર્મલતાને નિષ્કલંક રાખી; પણ આવા દ્રષ્ટાંતો બહુ નથી મળતા.

વિનયપિટક ઉપરથી એવો આભાસ મળે છે કે કામુકતા ઉપર મૂકાયેલો અંકુશ છટકતાં જ ભિક્ષુઓના કામાચાર–વિષયલાલસાની હદ ન્હોતી રહી. વાસનાની એ આગમાં ભિક્ષુણીઓએ ઇંધન પૂરાં પાડયાં. ચોતરફ દાવાનળ વ્યાપી રહ્યો. સમાજ પણ એની અસરથી મુકત ન રહી શકયો.

જાતકગ્રંથમાં એક આવી કથા છેઃ એક ગૃહસ્થની નવવધૂ પાલખીમાં બેસીને જતી હતી. ઘણા નોકરો સાથે હતા. કાશીના મહારાજાએ પોતાના અમાત્યની સલાહથી એ નવવધૂને કામજાળમાં ફસાવી.

બન્ધનમોળ નામના જાતક ઉપરથી ગુપ્ત વ્યભિચારનો કંઇક ખ્યાલ આવે છે. એક રાજાની રાણી પોતાના ૬૪ જેટલા દૂતો સાથે વિલાસ ખેલી ચૂકી હતી. કિન્નરી નામની કાશીની એક વેશ્યા એક રગતપીતીયાની સાથે પ્રેમમાં પડી હતી.

અવદાન કલ્પલતામાં એક એવું ઉદાહરણ મળે છે કે અનાચારની એક એથી વધુ કલ્પનાં પણ ભાગ્યે જ કોઈ કરી શકે. ઉજ્જેનીમાં કામકલા નામની એક યુવતી રહેતી હતી. એનો પતિ પરદેશ ગયો હતો. એની દાસી રોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાતે એક પરપુરૂષ લઇ આવતી. એક દિવસે કામકળા પરપુરૂષના રૂપમાં પોતાના પુત્રને—અશ્વદંડને જોઇ મર્માહત બની. કથા તો એટલે સુધી કહે છે કે પુત્રે માતાની સાથેનો ગંદો સંબંધ ચાલુ જ રાખ્યો અને વિષયવાસનાની ખાતર પોતાના પિતાનો ઘાત કર્યો.

અશોકના પુત્ર ઉપર એની વિમાતાનો મોહ અને ક્રોધ બહુ પ્રસિદ્ધ વાત છે. વિમાતા તિષ્યરક્ષિતાએ જ કુણાલને પોતાની વાસના સંતોષવા આગ્રહ કર્યો હતો, પણ કુણાલ વિફર્યો એટલે તિષ્યરક્ષિતાએ એની આંખો જ ફોડાવી નાખી.

આવા આવા અનેક ઉદાહરણો બૌદ્ધ સાહિત્યમાં મળે છે. જાતકો વિગેરેમાં સમાજ—જીવનના પડછાયા પડયા છે એ વાત ખરી હોય તો બૌદ્ધયુગમાં—જૈનયુગમાં અનાચાર કેટલી હદે વ્યાપેલો હોવો જોઇએ તેનું અનુમાન નીકળી શકે છે. આવી વિષમ પરિસ્થિતિ એક પરમ સદ્‌ભાગ્યને ખેંચી લાવે છે. ગ્રીષ્મનો ઘોમ તાપ જેમ વરસાદને માટે માર્ગ કરી આપે છે તેમ આ પ્રકારની અવ્યવસ્થા—અનાચાર કોઈ એક સમર્થ યુગાવતાર પુરૂષના આગમન અર્થે રાહ તૈયાર કરે છે. અને આપણે જાણીએ છીએ કે એ પરિસ્થિતિએ શ્રી મહાવીર અને ગૌતમ બુદ્ધ જેવા રાજસંન્યાસીઓને પકાવ્યા. અતિ વિષમ ગણાવા જેવો કાળ પણ એ બે મહાપુરૂષોના પ્રતાપે અતિ ભાગ્યવંત લેખાયો.

પ્રાતઃસ્મરણીય પુરૂષોના સમયમાં બધું પવિત્ર અને ભવ્ય જ હોય એ માન્યતા બરાબર નથી. મૃત મનુષ્યોને માટે જેમ આપણને માન રહે તેમ વ્યતીત થએલા પુરાતન કાળને માટે આપણા દિલમાં ભક્તિભાવ રહે એ સ્વાભાવિક છે; પરંતુ પુરાણો યુગ સર્વથા સુખમય—સદાચારમય હતો અને આજે જ આપણે અનાચાર—દુઃખની ખાઈમાં અચાનક ગબડી પડયા છીએ એમ માની અફસોસ કરવાનો નથી. દરેક યુગને પોતાની ખાસ નબળાઈઓ હોય છે, એ નબળાઇને ધોઇ નાખવી એ દરેક પ્રજાજનનું મુખ્ય કર્તવ્ય રહે છે. માત્ર ભૂતકાળને ફરી એક વાર વર્તમાનકાળના આસને સ્થાપવાથી બધી બાજી આપોઆપ સુધરી જશે એવી ભ્રમણા ન સેવે. જ્યાં સુધી મનુષ્ય માત્ર મનુષ્ય જ છે, દેવ નથી ત્યાં સુધી માનવ સહજ નબળાઇઓ રહેવાનીજ. એ નબળાઇઓ ટાળવા પુરૂષાર્થ કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેક યાત્રાળુ ભાઇ-બ્હેનોને અગત્યની હિત સૂચના.

૧. યાત્રાળુઓએ કોમળ પરિણામ રાખી જાતે થોડું ઘણું કષ્ટ કે સંકડાશ પણ સહન કરીને એક બીજાની સગવડ સાચવી લેવી. એ નિઃસ્વાર્થ સેવાનો લાભ સુજ્ઞ યાત્રાળુ ભાઇ-બ્હેનોએ ચુકવો નહીં.

૨ રેલ્વેમાં, બીજા વાહનમાં તથા ધર્મશાળામાં એ રીતે લાભ ઉઠાવવો ઘટે.

૩. ઘરે મેમાન-પરોણાદિકની સેવા-ચાકરી કરતાં યાત્રિકોની અધિક કરવી.

૪. દરેક યાત્રાળુએ તીર્થ ભેટવા જતાં, ઘોડા-બળદ પ્રમુખ પશુ વિગેરેને ફોગટ ત્રાસ ન આપવો. ખુલ્લા અણુવાણે પગે ચાલી યાત્રા કરવાનું ફળ ન વર્ણવી શકાય એટલું બધું કહ્યું છે. તે મોજશોખની ધુનમાં સુખશીલ-તાથી ગુમાવી દેવું ન ઘટે. કહ્યું છે કે-" દેહે દુઃખં મહાફલમ્."

૫. શરીર ક્ષીણતાદિક ખાસ માંદગીના કારણ શિવાય છતી શક્તિએ સહુ કોઇ ભાઇ-બ્હેનોએ જયણાથી ચાલીને જ તીર્થયાત્રા કરવી જોઇએ, કેમકે કર્મથી હળવા થવા માટે જ યાત્રા કરવા જવાનું છે; ભારે થવાને તો નહીં જ.

૬. જીવિત સહુને વ્હાલું છે એમ લક્ષ રાખી આજ્ઞાયુક્ત યાત્રા કરવી લેખે થાય છે.

૭. સહુ સાથે મૈત્રી, દુઃખી પ્રત્યે દયા, સદ્ગુણી પ્રત્યે પ્રમોદ અને પાપી પ્રત્યે ઉપેક્ષા ભાવના રાખવાથી જ કરવામાં આવતી કરણી લેખે થઇ શકે છે.

૮. અનીતિનો સર્વથા ત્યાગ જ કરીને નીતિ સેવન કરવાથી જ યાત્રા લેખે થાય છે.

૯. અનીતિવંતનું મગજ ધર્મકરણીમાં ચોંટી શકતું નથી, તેથી જ નીતિ જરૂરની છે.

૧૦ પ્રભુનાં આજ્ઞા-વચનને યથાશક્તિ અનુસરવાથી જ શ્રેય થઇ શકે છે.

૧૧. નિર્મળ તત્ત્વ શ્રદ્ધા-બોધ અને આચરણ વડે જ કલ્યાણ સાધી શકાય છે.

૧૨. ક્ષમા-નમ્રતા-સરલતા-સંતોષ અને ઉદારતા આદરી, ધર્મ યોગ્યતા મળવાથી મોક્ષમાર્ગ સુલભ્ય થાય છે. યોગ્યતા વગર વસ્તુ ધર્મને પ્રાપ્તિ થઇ શકે નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રવણ અને સંસ્મરણ

## રાષ્ટ્રકૂટ : : એક જૈન રાજવંશ

દક્ષિણના રાષ્ટ્રકૂટીય રાજાઓ કેટલાક પાકા જૈનધર્મી હતા. થોડા વખત ઉપર રા. આલતેકર નામના એક વિદ્વાને આ રાષ્ટ્રકુટીય રાજાઓના સંબંધમાં એક મ્હોટું પુસ્તક પ્રકટ કર્યું છે. જે લોકો અહિંસાની શકિતનો વિચાર કર્યા

---

૧૩. પવિત્ર તીર્થને ભેટી કુવ્યસન માત્ર તજી દેવું અને ધર્મ વ્યસન જ સેવવું ઘટે.

૧૪. જંગમતીર્થ સમા સદ્‌ગુણી સંત–મહાત્માદિનો સન્માન કરી દોષમાત્ર દૂર કરી દેવા. તેમની નિઃસ્વાર્થ હિતશિક્ષાને લક્ષ દઈ જરૂર અનુસરવું.

૧૫. મન–વચન–કાયાથી સઘળી શુદ્ધિ સાચવી આપણી આસપાસ શુદ્ધ વાતાવરણ બનાવી દેવું, જેથી શીઘ્ર સ્વપર કલ્યાણની સિદ્ધિ થવા પામે.

૧૬. ધર્મનું મૂળ વિનય હોવાથી દરેક ધર્મ પ્રસંગે તેનો યોગ્ય આદર કરતા રહેવું.

૧૭. તીર્થસ્થળે સાધર્મીસેવા સુવિવેક સર કરવાથી સ્વપર શ્રેયમાં વૃદ્ધિ થાય છે.

૧૮. તન–મન–ધનની માયા તજી તેનો સદ્‌પયોગ બને તેટલો કરવા ભૂલવું નહીં.

૧૯. ચાલતા અવિધિ દોષને ટાળી વિધિ માર્ગનો બને તેટલો આદર કરતા રહેવું.

૨૦. પુણ્યક્ષેત્રમાં સુવિવેકથી કરાતી કરણી મહાલાભદાયક નીવડી શકે છે.

૨૧ સમજીને આશાતના તજવી અને સેવાભક્તિનો અપૂર્વ લાભ લેવો.

ઇતિશમ્

સદ્‌ગુણાનુરાગી - કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના જૈનોની અહિંસાને રાષ્ટ્રીય પરાધીનતાના કારણરૂપે ઓળખાવે છે, તેમને રા. આલતેકરે આ ગ્રંથમાં સચોટ જવાબ આપ્યો છે. અહિંસક રાજાઓએ સુંદર રાજવહીવટ ચલાવ્યો છે એટલું જ નહીં પણ એમણે રાજવિસ્તાર સાધ્યો છે અને પોતાના હરિફોને પોતાના બાહુબળનો સ્વાદ પણ ચખાડયો છે.

(૧) કૃષ્ણવર્મા કદંબવંશીય રાજા હતો અને તે જૈનધર્મ પાળતો. જૈન એટલે કીલ્લાની દિવાલો વચ્ચે માત્ર ધર્મધ્યાન કરતો પુરૂષ એવો એનો અર્થ કરવાનો નથી. કૃષ્ણવર્માના નામ સાથે રણપ્રિય નામનું જે વિશેષણ વખતોવખત વપરાયું છે તે જ એમ બતાવી આપે છે કે એ યુદ્ધરસીયો હતો.

(૨) અમોઘવર્ષ ૧ લો પોતાને ચુસ્ત શ્રાવક તરીકે ઓળખાવે છે, પણ એના જીવનની ઘટનાઓ જોતાં જણાય છે કે તે યુદ્ધને એક પ્રકારની ઉજાણી માનતો. રણસંગ્રામમાં, મૃત્યુદેવના ખપ્પર એ ભરી કાઢતો. વીંગવલ્લીનું યાદગાર યુદ્ધ એ પોતે લડયો હતો.

(૩) બાંકેય બનવાસી. સરદાર હતો એ પણ જૈનધર્મી હતો. એક વીર કુશળ અને વફાદાર સેનાપતિ તરિકે એની નામના ઇતિહાસમાં રહી ગઇ છે.

(૪) ઇન્દ્ર (ત્રીજો) જૈનધર્મના આધારસ્તંભરૂપ હતો. શ્રીવિજય અને નરસિંહ નામના એના સામંતો પણ જૈનધર્મમાં શ્રદ્ધા ધરાવતા. ઇન્દ્ર પોતાના સામંતોની સાથે મધ્યદેશમાં તોફાની પવનની જેમ ઘુમી વળ્યો હતો. એમનો ઉદ્દેશ સામ્રાજ્યની સીમાઓ વધારવાનો હતો. બીજા પણ કેટલાક સંગ્રામો એના ખાતે ચડયા છે.

(૫) નરસિંહ (બીજો) જૈન વ્રતધારી હતો. આખરે એણે અણશણ કર્યું હતું પણ એ અનેક યુદ્ધોમાં મોખરે જઇને ઉભો રહ્યો હતો.

(૬) ગંગવંશીય રાજાઓ પણ જૈન હતા. અને એ બધા લડતાં જરાયે સંકોચાયા હોય એમ નથી જણાતું. માથે આવી પડે એટલે ન–છૂટકે યુદ્ધમાં ઝંપલાતા એમ નહીં, પણ ખરેખર જૈન ધર્મ સ્વીકારવા છતાં રણને વિષે એમના ઉત્સાહ અને અભિલાષ બરાબર ટકી રહ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા. આલતેકર ધર્મના પ્રભાવનું એક પ્રસંગે સ્હેજ પૃથક્કરણ કરે છે. જેના સિદ્ધાંતો જીવનમાં ઉતરે તે જ ધર્મ એમ જો કોઈ કહેતું હોય–મનાવતું હોય તો તે બરાબર નથી. ધર્મના સિદ્ધાંત માત્રને કોઇ અનુયાયી પૂરેપૂરા પોતાના જીવનમાં વણી શકતા નથી. સિદ્ધાંતે પ્રરૂપેલા આદર્શને પહોંચવા મનુષ્ય યત્ન કરે, પણ એ પ્રયત્ન ગમે ત્યારે ય અપૂરો જ રહેવાનો.

ધર્મ વસ્તુતઃ જીવનને ઘડે છે. અમુક દિશામાં વહેતા પ્રવાહને બીજી સામેની દિશામાં ખેંચવા એ પ્રયત્ન કરે છે. દાખલા તરીકે ખ્રીસ્તી ધર્મ ત્યાગ અને નમ્રતાનાં ગીત ગાતાં થાકતો નથી એટલાજ ઉપરથી એ ધર્મના અનુયાયીઓ પરમ ત્યાગી અને નમ્ર હશે એમ કોણ કહી શકશે ? વધુમાં વધુ લોભી અને અકકડ બનેલા ખ્રીસ્તીઓ બનતા આપણે નથી જોયા ? ખ્રીસ્તી ધર્મ ત્યાગ અને ક્ષમાનો ઉપદેશ કરે છે છતાં ખ્રીસ્તીઓ જ વધારે સામ્રાજ્યલોભી અને ડંખીલા નથી બન્યા ? વસ્તુતઃ એ લોભ અને ડંખ ઉપર ધર્મ કંઈક અંકુશ મૂકે છે.

એ જ પ્રમાણે જૈન ધર્મ જ્યારે રાજધર્મ હતો ત્યારે જૈન ઉપદેશકોએ રાજવીઓ અને સામંતો વિગેરેની યુદ્ધવૃત્તિ ઉપર અંકુશ મૂકવાનો પ્રયત્ન કર્યો હોવો જોઈએ, યુદ્ધ એ જ માત્ર જીવનનું છેલ્લું ધ્યેય નથી. જીવનની સાર્થકતા પણ એમાં નથી એમ સમજાવવાનો એ ઉપદેશનો હેતુ હોવો જોઇએ.

કેટલીકવાર માણસો પોતાની નબળાઈને છુપાવવા ધર્મની આડ શોધે છે. પોતે પોતાના પરિવારનું, ગામનું કે દેશનું રક્ષણ કરવાને અશક્ત હોય, પ્રાણ, ધન કે સગાનું બલિદાન દેવાને તૈયાર ન હોય અને પછી કહે કે અમારા ધર્મમાં એ વાતનો નિષેધ છે, તો સમજવું કે એ બ્હાનું માત્ર છે. ધર્મ કોઈ દિવસ કાયરતાના પાઠ ન શીખવે ધર્મ નિર્ભયતાના માર્ગે સંચરવાનું પ્રબોધે છે. ભીરૂઓ ભલે એનો ખોટો અર્થ કરે.

એક વાર બૌદ્ધોએ અહિંસાનો એવો જ દુરૂપયોગ કર્યો હતો. રા. આલતેકરે એ ઘટના આ પ્રમાણે વર્ણવી છે.

સ્વીસ્તાનના ગઢની ફરતા મહમ્મદ કાસીમના માણસો ઘેરો ઘાલીને પડયા હતા. દાહીરનો ભત્રીજો બજ્રરા, શહેરનો સુબો હતો. તેણે મહમ્મદ કાસીમનો સામનો કરવા લશ્કર એકઠું કરવા માંડયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બૌદ્ધ આગેવાનોને એ વાતની જાણ થઇ. તેઓ તરતજ ભેગા થયા અને તેમણે સુબાની પાસે જઇ અરજ કરી અમારા ધર્મમાં લોહીનું એક પણ ટીપું પાડવાની સાફ મનાઇ કરી છે, કોઇની પણ હિંસા ન થવી જોઇએ. શાંતિથી હળીમળીને રહેવું એ અમારો સિદ્ધાંત છે, તમે જો લડવાને માટે લશ્કર એકઠું કરતા હો તો અમે નગરજનો આપને સાફ સાફ શબ્દોમાં કહી દેવા માગીએ છીએ કે અમે યુદ્ધથી વિરૂદ્ધ છીએ, તમને પોતાને જો બીક લાગતી હો તો ખુશીથી આપ આપના મહેલમાં રહી શકો છો. અમારી ઉપર જો કોઇ આફત ઉતરે તો તે વેઠવા અમે તૈયાર છીએ.

અને મહમ્મદ કાસીમ કરી કરીને શું કરી વાળવાનો હતો ? બહુબહુ તો અમને લૂંટશે-કાપશે પણ અમને સો એ સો ટકા ખાત્રી છે કે મહમ્મદ કાસી ધર્મપરાયણ પુરૂષ છે, એ અમને નહીં રંજાડે. નિરાધારોને એ આશ્રય આપશે.”

બૌદ્ધ ધર્મના અહિંસક આગેવાનો, મહમ્મદ કાસીમ સાથે સુલેહ કરવા તૈયાર થયા.

સુલેહ સુલેહને ઠેકાણે રહી. મહમ્મદ કાસીમે નગરમાં દાખલ થતાં જ કત્લે આમ ચલાવી. આગેવાનોનાં સ્વપ્નાં ઉડી ગયા.

ખરેખર એ શું અહિંસક નીતિ હતી ? રા. આલતેકર એનો જવાબ નકારમાં વાળે છે. તેઓ કહે છે કે બૌદ્ધ આગેવાનો પોતે અંદરપેટે નબળા પડી ગયા હતા, નબળાઇને તેઓ ધર્મના— સિદ્ધાંતના પાતળા પડદા નીચે છુપાવવા માગતા હતા. એ દંભનું પરિણામ પણ એટલું જ ભયંકર આવ્યું. સિંધ પડયું અને સિંધના પતન સાથે સારા યે ભારતવર્ષના કપાળ ઉપર પરાધીનતાના ડામ પડયા. જૈનોએ અહિંસાનો એવો અવળો અર્થ નથી કર્યો.

ઇતિહાસ, જૈનોની અહિંસાની અને સાથો સાથ એમના વીર્યની સ્તુતિ કરે છે. રા. આલતેકરે એ વાતનું સમર્થન કર્યું છે, પરંતુ આજે જો આપણે પોતે અંતરમાં સ્હેજ ઉંડા ઉતરીને તપાસીએ તો ત્યાં કઇ વૃત્તિ નીહાળીએ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

શાસન પ્રભાવક શ્રીમદ્ આત્મારામજી મહારાજની–
સ્વર્ગારોહણ તીથિ નીમિત્તે—

# ગુરૂ ગુણ સ્તુતિ કાવ્ય.

( સેવક કામ અવગણીએ હો મલ્લી જિન–એ રાગ. )

વિજયાનંદ સૂરીશ્વર નમીયે, ગુરૂ અતિ ગુણવાન;
તેહ પુરૂષની સ્વર્ગારોહણ, તીથિ ઉજવીએ બહુમાન રે–
ભવિકા ગુરૂ અતિ ગુણવાન. ૧.
પંજાબ દેશે જનમ્યા ગુરૂશ્રી, ક્ષત્રિય કુળ શણગાર;
બાળપણાથી ગુણે શોભતા, આતમરામ અણગાર રે ભવિકા. ૨.
પ્રથમ દીક્ષા ગ્રહી ગુરૂદેવે, સ્થાનક પંથની માંહી;
કાળાંતરે કરીને તેઓને, સત્ય સમજાયું ત્યાંહી રે ભવિકા. ૩.
સર્વ શાસ્ત્રના જ્ઞાન સુધાનું, કીધું તેમણે પાન;
તેમ કરી એ અમૃત રસનો, ઝરો વહાવ્યો કાનોકાન રે ભવિકા. ૪.
જિન પ્રતિમાને પ્રમાણ ગણીને, આગમ અર્થ પ્રકાશ્યા;
તેહી જ માર્ગે અનેકને વાળી, અવળા માર્ગો નીવાર્યા રે ભવિકા ૫.
શુદ્ધ પંથની દીક્ષા શિક્ષા, ધારી ગુરૂ ગુણવંત;
તીર્થાદિકની યાત્રા કરીને, આતમ ઉજ્વલ સંત રે ભવિકા. ૬.
ભવ્યજનોના ઉદ્ધારને કાજે, ભાષામાં ગ્રંથ અનેક;
રચી તેમણે સ્વ અને પરનું, કલ્યાણ સાધ્યું વિવેક રે ભવિકા. ૭.
પંજાબ દેશે ઠામો ઠામ, જિન મંદિર દેખાય;
તેહ કૃપા શ્રી ગુરૂદેવની, ઉપકાર અમાપ લેખાય રે ભવિકા. ૮.
કુગુરૂ કુતર્કરૂપી ખદ્યોતો, દૂર થયા ગુરૂ જ્ઞાને,
એમ કરી જિન શાસન નભમાં, ઉદ્યોત આતમ આણે રે ભવિકા. ૯.
તે ઉપકારી આચાર્ય વિભુનો, સ્વર્ગ ગમન દીન આજે;
તેહ ગુરૂના ગુણ ગણ ગાતી, અપ્સરા એકી અવાજ રે ભવિકા ૧૦.

મુંબઇ
જેઠ શુદ ૮
રવિવાર.

ૐ शान्तिः शान्तिः
રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# * ઉપવાસ

જૈન શાસ્ત્રોમાં ઉપવાસનો તપની અંદર સમાવેશ કરેલો છે. તેનાથી શરીર, મનને થતાં લાભો ઉપરાંત આત્મિક લાભ આત્મ–શક્તિ પણ વધે છે તેમ જણાવેલ છે. આ લેખમાં જૈનેતર વિદ્વાનો તથા જૈનેતર શાસ્ત્રોમાં પણ ઉપવાસથી કેવા લાભો થાય છે તે જણાવવાનો હેતુ છે. આયુર્વેદમાં "आहारं पचति शिखि, दोषान् आहारवर्जितः" અગ્નિ આહારને પચાવે છે, ઉપવાસ દોષને પચાવે છે, નષ્ટ કરે છે, બને ત્યાંસુધી બાહ્ય અને ભીતરના ઉપદ્રવોથી મનુષ્ય પોતાનું રક્ષણ કરે છે; પરંતુ જ્યારે મનુષ્ય હદ ઉપરાંત ખાય છે અથવા એવું કોઇ કાર્ય કરી લે છે કે જેથી શરીર અંદર અને બહારથી રોગી બની જાય છે, ત્યારે પોતાની રક્ષા કરવાને અસમર્થ બની જાય છે. રોગી શરીર થતાં મન પણ રોગી બને છે. પાપી વાસના એ રોગી શરીરની સૂચક છે. સ્વાસ્થ્યપૂર્ણ શરીરમાં પાપી વાસનાઓ હોઈ શકતી નથી પરંતુ તેવા મનુષ્ય અલ્પ સંખ્યામાં જ હોય છે, જેથી તે કારણે પણ સંસાર દુઃખમય માલૂમ પડે છે. દુર્બલ રહેવું તે પણ મહાપાપ છે એમ બુદ્ધિમાનો કહે છે. સુખ તથા યશ નિરોગી બળવાનને પ્રાપ્ત થાય છે. ઉપવાસ કરવાથી આત્મા અત્યંત નિર્મળ થાય છે અને મન અને તન પણ નિરોગી બની જાય છે. બે પ્રકારના મનુષ્ય લ્યો. એક મનુષ્ય જેની પાચનશક્તિ અતિ ભોજનથી બગડતાં અનેક પ્રકારના ઔષધો ખાઈ પેટ દુરસ્ત કરે છે, બીજો મનુષ્ય એક–બે દિવસ કે મહિનામાં અમુક દિવસ ન ખાઈ ( ઉપવાસ કરી ) સ્નાન, પૂજા, વ્યાયામ વગેરેથી પેટ, ભૂખ, પાચનશક્તિ સુધારે છે તો બેમાંથી કોણ બુદ્ધિશાળી ગણાય ? ઉપવાસ કરવાથી શારીરિક તેમજ માનસિક દોષો દૂર થતાં આત્માની નિર્મળતા ( શક્તિ ) વધતી જાય છે તેમ જૈન શાસ્ત્રો જણાવે છે; તેમ હવે પશ્ચિમના વિદ્વાનો પણ માને છે અને ઉપવાસથી થતા લાભો માટે અનેક ગ્રંથો પણ લખ્યા છે. ઉપવાસ કરવા સાથે બ્રહ્મચર્ય પણ પળાતું હોવાથી

---

* "બ્રહ્મચર્ય હી જીવન હૈ," એ નામના હિંદી ગ્રંથમાંથી આ લેખનો ગુજરાતી ભાષામાં સહજ સુધારા–વધારા સાથે અનુવાદ કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચર્ચાપત્ર.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાની જયુબીલી મહોત્સવના કાર્યનો રિપોર્ટ તા. ૩-૫-૧૯૩૫ ના મુંબઇસમાચાર પત્રમાં કોઇ બંધુએ આપેલ. તે રિપોર્ટમાં મારા વક્તવ્ય સંબંધે અને શ્રી જૈન આત્માનંદ સભાને લગતી હકીકત અસ્પષ્ટ અને અધુરી આ સભાના કેટલા સભ્યોને જણાતાં, મારે મુંબઇસમાચારના તા. ૧૧-૫-૧૯૩૫ ના પેપરમાં મારી સહીથી ખુલાસો કરવો પડેલો. તે પછી આત્માનંદ પ્રકાશના આ વર્ષના ૧૧ મા અંકમાં વર્તમાન સમાચારમાં અમુક હકીકત સમાચાર તરીકે લીધી હતી જેથી તે વાત ત્યાં પૂર્ણ થતી હતી; છતાં હાલમાં શ્રી જૈનધર્મ પ્રકાશનો વૈશાક-જેઠ બે માસનો અંક સુવર્ણ મહોત્સવ સંબંધી હકીકતનો પ્રગટ થયો છે, તે વાંચતાં મને કંઇક ખુલાસો કરવો યોગ્ય લાગતાં નીચે પ્રમાણે કરૂં છું: -

---

ઉપવાસથી અતિ લાભો થાય છે. સાથે ઇન્દ્રિયોનું ઉછાંછળાપણું મંદ પડતાં મન પણ પવિત્ર થઈ જાય છે, તેથી જ જૈન શાસ્ત્રકારોએ પર્વતિથિએ, જૈનેતર શાસ્ત્રોએ એક માસમાં બે એકાદશીએ અને પાશ્ચિમાત્ય વિદ્વાનોએ એક માસમાં ચાર વખત ઉપવાસ કરવા જણાવેલ છે. કે જે આલોક અને પરલોક માટે મનુષ્યને પરમ ઉપયોગી છે. ઉપવાસમાં જળ વિના કે માત્ર જળ સિવાય કોઇ પણ વસ્તુઓને છોડી દેવામાં આવે તો જ તન, મન નિરોગી થાય અને આત્મિક નિર્મળતા થાય છે.

ઉપવાસનો ખરો અર્થ એ જ થાય છે કે-" પરમાત્માની નજદીકમાં રહેવું " અને આત્મશક્તિને પરમાત્મ પૂજન-ભક્તિ, ગુરૂઉપદેશ, સદ્ગ્રંથ શ્રવણ-મનનદ્વારા વધારવી; નહિં કે આરંભ-સમારંભ, રમતગમત, વિષય-કષાય, રાગદ્વેષ વગેરે અનર્થકારી કાર્યોવડે ઉપવાસમાં આત્માનું પતન કરવું. ઉપરોક્તપણે ઉપવાસ કરવાથી આત્માની શક્તિ-નિર્મળતા વધતાં વધતાં અભ્યાસ-વડે મનુષ્ય મહાત્મા બની જાય છે. ઉપવાસ-તપનો મહિમા અચિંત્ય છે.

**આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ આ મહોત્સવ પ્રસંગે આ સભાને મળેલ મુબારકબાદીના તારો અને કાગળો કેટલાક નામો સહિત તે અંકમાં છપાણા છે, જેમાં પા. ૪૬ મે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો પત્ર છપાયો છે, જેમાં શ્રી જૈન આત્માનંદ સભા અને તેને માટે લખેલ હકીકત છોડી દઈ બાકીનો ભાગ લીધેલો છે–છપાયો છે.

૨ પ્રથમ દિવસે ભાષણ કરનારા અમુક બંધુઓએ શ્રી જૈન આત્માનંદ સભાના વખાણ સંક્ષિપ્તમાં કરેલા તે નામ સાથે કાઢી નાંખ્યા છે. ખેર !

આ સભાનું નામ કે પ્રશંસા કે બીજી કોઈ હકીકત જે સમયે બોલાયેલ હોય તે રાખવી કે કાઢી નાંખવી તે તે પ્રકટ કરનાર તેમના માલેકની મરજી ઉપર આધાર રાખે છે, તેને માટે કેમ ન રાખી કે લખી–છાપી તેવો દાવો કોઇ ધરાવી શકતું નથી; માત્ર ખુલાસો કરી શકે છે.

પરંતુ મારૂં ભાષણ આ વૈશાક–જેઠ માસના અંકમા પા૦૬૨ મેં છપાયેલ છે, કે જે શ્રી જૈનધર્મ પ્રસારક સભાના જુના સભ્ય તરીકે મને આનંદ થયેલો તે જણાવેલ હતો તે હું જે બોલ્યો હતો ( જે શબ્દો મુંબઇ સમાચારના મારા ઉપરોક્ત તારીખ ૧૧–૫–૩૫ ના ચર્ચાપત્રમાં છપાયેલ છે ) તે શબ્દો હું ધારતો હતો કે શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકમાં તેના રિપોર્ટમાં આવશે, પરંતુ તે આ વૈશાક–જેઠ માસના અંકમાં નહિ આવવાથી મારા પોતાના માટે હું લખવા જણાવવાની મારી ફરજ–હક્ક સમજું છું, તેથી જણાવવું પડે છે કે " હું આ સભાનો એક જુનો સભ્ય હોવાથી આ શુભ પ્રસંગે બે શબ્દો બોલવાની રજા લઉં છુ" એટલે કે આ શબ્દો તે સભાના સભ્ય તરીકે થયેલ આનંદ માટે હતા, છતાં એ શબ્દો આ વૈશાક–જેઠ માસના અંકમાં પણ છોડી દીધા છે અને સફાઇભરી રીતે " શ્રી જૈન આત્માનંદ સભાનો હું સેવક છું અને તે હકીકત જાહેર કરવાને હું ઉભો થયો છું." આમ લખી શ્રી જૈનધર્મપ્રસારક સભાના સભ્ય તરીકે બોલ્યો છું એ હકીકત સાચી હોવા છતાં આમાં પણ જાણે કે ઇરાદાપૂર્વક લેવામાં નથી આવી અને બીજી રીતે જણાવેલ છે, તેમજ આ અંકમાં પણ સૂરીશ્વરજી વિજયવલ્લભસૂરિમહારાજના પત્રમાંથી તેમ જ અમુક વક્તા બોલ્યા હતા તે પૈકી શ્રી જૈન આત્માનંદ સભાનું નામ અને તેને માટે બોલાયેલા ઉદ્દગારો કે હકીકત આ અંકમાં પણ પડતી મૂકેલ હોવાથી તે કેમ બન્યું હશે ? ગમે તેમ હોય પરંતુ શ્રી જૈનધર્મ પ્રસારક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો ૩૯ મો વાર્ષિક મહોત્સવ.

સભાની વર્ષગાંઠનો મંગળમય દિવસ જેઠ શુદ ૭ અને પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની જેઠ શુદ ૮ ના રોજ સભાએ ઉજવેલ જયંતિ.

આ સભાને ઓગણચાલીશમું વર્ષ પુરૂં થઇ જેઠ શુદ ૭ ના રોજ ચાલીશમું વર્ષ બેસતું હોવાથી દર વર્ષ મુજબના કાર્યક્રમ અને ધોરણ અનુસાર નીચે મુજબ ધાર્મિક કાર્યો કરવામાં આવ્યા હતા.

૧ જેઠ શુદ ૭ શનીવારના રોજ આ સભાના મકાન (આત્માનંદ ભવન) ને ધ્વજા-તોરણ વગેરેથી શણગારી સવારના આઠવાગે પ્રથમ **પ્રાતઃસ્મરણીય શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની** છબી પધરાવી સભાસદોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ કલાક પછી નવ વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મહારાજકૃત શ્રી પંચતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી; તથા બપોરના બાર વાગે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

તે જ દિવસે સાંજે ક. ૫–૩૫ ની ટ્રેનમાં દરવર્ષ મુજબ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજશ્રીની જયંતિ જેઠ શુદ ૮ રવિવારના રોજ ઉજવવાની હોઇ શ્રી સિદ્ધાચળજી ( પાલીતાણા ) શુમારે સાઠ સભાસદ બંધુઓ ગયા હતા.

૨ જેઠ શુદ ૮ રવિવારના દિવસે શ્રી સિદ્ધાચળજી ઉપર **શ્રી આદીશ્વર પ્રભુના મંદિરના ચોકમાં** શ્રી નવાણુ પ્રકારી પૂજા બહુ જ આનંદ અને ઉત્સાહપૂર્વક ભણાવવામાં આવી હતી તથા દેવગુરૂની આંગી રચવામાં આવી હતી . અને બપોરના સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ રીતે દેવભક્તિ તથા ગુરૂભક્તિ કરવામાં આવી હતી. આ ગુરૂભક્તિ માટે આ સભાના માનદ્ સેક્રેટરી શેઠ હરજીવનદાસ દીપચંદભાઇ તરફથી ખર્ચ આપી ગુરૂભક્તિ બતાવી છે.

---

સભાનો હું સભ્ય હોવા છતાં તે મારા શબ્દો કેમ છોડી દીધા તે માટે મને દુઃખ થાય છે. ગમે તેમ હોય, પણ તે પરથી પ્રથમ મુંબઇસમાચારના રિપોર્ટમાં પણ જેમ બન્યું તેમ આમાં પણ ઇરાદાપૂર્વક નહીં લેવામાં આવ્યું તેમ કેટલાક બંધુઓ માને છે—આશ્ચર્ય પામે છે. હવે આ માટે વિશેષ લખવું, ચર્ચા કરવી ઠીક નથી. ભૂતકાળના એવા પ્રસંગો બનેલા ભૂલી જવાયા છે તેમ આ પણ કાળ બળવાન હોવાથી ભૂલાઈ જશે.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજની જયંતી.

( મુંબઇપરા )

## વીલેપાર્લેમાં રવિવારે થયેલી ઉજવણી.

### જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની અધ્યક્ષતા હેઠળ થયેલો ભવ્ય સમારંભ.

વીલેપારલે, તા૦ ૯મી-સ્વર્ગસ્થ પંજાબદેશોધ્ધારક પંજાબકેસરી નયાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની ચાળીસમી પુણ્યતિથિ ઉજવવા માટે વીલપારલે બેપટીસ્ટા રોડ પર આવેલા શેઠ કાંતીલાલ ઈશ્વરલાલના બંગલામાં-'પાર્કવ્યુ'માં આચાર્યશ્રી વિજયવલ્લભસુરિશ્વરજી મહારાજના પ્રમુખપણા હેઠળ રવિવાર તા૦ ૯મી જુનના દીને સવારનાં ૮-૩૦ કલાકે જૈનોની જાહેર સભા મળી હતી.

### શ્રી વિજયાનંદજી મહારાજની તસવીર સાથ સરઘસ.

સવારે ૮-૧૫ કલાકે સ્ટેશન રોડ પરના જૈન સેનીટોરીયમ આગળથી જૈનાચાર્યશ્રી આત્મારામજી મહારાજની તસવીર સાથનું જૈન સ્ત્રીપુરૂષો સાથનું સરઘસ નીકળ્યું હતું જેમાં સઉથી મોખરે જૈન વોલંટીયર કોરનું બેન્ડ, તે પછી જૈન આગેવાનો, તે પછી મહારાજની મોટરમાં તસવીર અને પછી જૈન સ્ત્રીઓની સારી સંખ્યા હતી. આ સરઘસ સેંટ મેરીરોડ પર થઇને બેપટીસ્ટા રોડ પર આવી પુગ્યું હતું. સરઘસવાળા માર્ગ પર આ સરઘસ નીહાળવાં માટે સ્ત્રી-પુરૂષોની સારી સંખ્યા એકઠી થયેલી જણાતી હતી.

### 'પાર્કવ્યુ' માં.

આ સરઘસ પાર્કવ્યુમાં આવી પુગતાં જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી તથા અન્ય મુનિરાજનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જયંતીમાં ભાગ લેવા માટે મુંબઈ તળમાંથી પણ ઘણાં જૈન સ્ત્રી-પુરૂષો આવ્યાં હતાં. હાજર રહેલાઓમાં શ્રી અમૃતલાલ કાળીદાસ, મણીલાલ મોતીલાલ મુળજી, શ્રી ચીનુભાઇ લાલભાઇ, બાબુ ભગવાનલાલ પનાલાલ, શ્રી મોતીચંદ કાપડીયા, ડૉ૦ બાલાભાઈ નાણાવટી, સકરચંદ મોતીલાલ, હેમચંદ મોહનલાલ, ઝવેરી, જીવણચંદ ધરમચંદ, લલ્લુભાઈ કરમચંદ, ચીમનલાલ સીરચંદ, પરસોતમ સુરચંદ, કકલભાઇ વકીલ. હરીલાલ માનકર, કરમચંદ ચુનીલાલ, ડાહ્યાભાઇ ઘેલાભાઇ, કાંતીલાલ પરતાપસી, સેવંતીલાલ નગીનદાસ, રસીકલાલ નગીનદાસ, શ્રી સમરથમલ સીંઘી, મણીલાલ કરમચંદ, ચંદુલાલ મોદી, જીવણલાલ કોઠારી વગેરે નજરે પડતા હતા.

પ્રારંભમાં મંગળાચરણ ગવાયા બાદ શેઠ ચંદુલાલ મોદીએ આજના સમારંભની જાહેરાત વાંચી સંભળાવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રમુખશ્રીની વક્તાઓને ચેતવણી.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું કે આજે આપણે પૂજ્ય આચાર્ય મહારાજની જયંતી ઉજવવા માટે એકત્રિત થયા છીએ. એ પ્રસંગે આનંદ અનુભવવા માટે તેમનાં ગુણગાન કરવાં જોઇએ; તેથી અહીં જે વકતાઓ વિવેચનો કરે તેમણે વ્યક્તિગત આક્ષેપો કર્યા વગર ટુંકમાં આચાર્ય મહારાજનાં જીવન પર વિવેચન કરવું.

## શ્રી સમર્થમલજી સીંઘી.

બાદ શિરોહીવાળા શ્રી સમર્થમલજી સીંઘીએ જણાવ્યું કે આજે આપણે એક એવા મહાત્માની જયંતિ ઉજવવા માટે એકત્ર થયા છીએ કે જે મહાત્માએ જૈનધર્મની મહાન સેવા બજાવી છે. જૈનસમાજ અને જૈનધર્મ પર શ્રી આત્મારામજી મહારાજે કેવા ઉપકાર કર્યા છે તે તો આજના મહોત્સવના પ્રમુખ મહોદયને જાતી અનુભવ છે. શ્રી આત્માનંદજી મહારાજે જૈનજગત અને જૈન ધર્મ પર કરેલા ઉપકારો પંજાબની જૈન જનતા સારી રીતે જાણે છે. એમણે કેટલીએ મુશ્કેલીઓનો સામનો કર્યો છે, અને તેમના જીવનમાં વિવેચન કરવાનો હેતુ એ છે કે તેઓશ્રીનાં જીવનમાંથી આપણે કાંઇ બોધપાઠ લઇને જીવનમાં ઉતારી શકીએ.

## શ્રી જીવણચંદ ઝવેરી.

એમણે શ્રી આત્મારામજી મહારાજ સાથે રહીને શ્રી વીરચંદ રાઘવજીએ બજાવેલ સેવાનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે મહારાજશ્રીની ઉમેદ એ હતી કે ગામેગામ જૈનધર્મનું શિક્ષણ મળે તેવી યોજના કરવી. કેળવણીની તેમની આ ભાવના અધુરી રહી હતી. તેની ઉમેદ બર લાવવા બનતો પ્રયાસ કરવો જોઇએ. શ્રી આત્મારામજી મહારાજની ઉમેદનું પૂર્ણ અંશે તો નહીં પણ થોડેઘણે અંશે મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે મારવાડમાં પાલન કરી બતાવ્યું છે, અને તે અદ્ભૂત છે. આપણે સર્વેએ આચાર્યમહારાજની આગેવાની હેઠળ તેમની આજ્ઞાને સારી રીતે અનુસરીને કાર્યમાં યથાશક્તિ ફાળો આપવો જોઇએ.

## શ્રી માવજી દામજી.

તેઓશ્રીએ જણાવ્યું કે મહારાજશ્રી આત્મારામજી મહારાજને ચીકાગોમાં ૧૮૯૨ માં મળેલી સર્વ ધર્મ પરિષદમાં પધારવાનું આમંત્રણ મળ્યું હતુ અને તેમને સમય ઓળખી વીરચંદભાઇને આશીર્વાદ આપી જૈન ધર્મનો ડંકો વગાડી આવવાની આજ્ઞા કરી હતી. અને તે સમયે પરદેશગમન પાપ મનાતું હતું તેવે વખતે વીરચંદભાઈ અમેરીકા ગયા હતા. આચાર્ય મહારાજ જૈન ધર્મના મીશનરી હતા અને તેઓએ લાખો માણસોને જૈન ધર્મમાં આણ્યા હતા. આવા જૈન ધર્મના સ્તંભરૂપ આચાર્યશ્રીને કોટીશઃ નમન કરી મારૂં વકતવ્ય પૂર્ણ કરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કવિ ભોગીલાલ.

અત્રે કવિ ભોગીલાલ આવી પહોંચ્યા હતા અને પોતાની હંમેશની શૈલીથી કાવ્યમાં પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું અને સભાનું મનરંજન કર્યું હતું તથા છેવટે ' ગુરૂદેવ ધન્ય જયંતી આજ ' નામનું કાવ્ય ગાઈ સંભળાવ્યું હતું.

## શેઠ અમૃતલાલ કાળીદાસ.

તેમણે જણાવ્યું કે આજે આપણે અત્રે ભેગા થયા છીએ તેનું માન સ્વ. જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજને ઘટે છે. તેમની જયંતી ઉજવવા માટે આપણે એકઠા થયા છીએ. આજે પારલા ગામમાં જૈન ધર્મનો વાવટો ફરકાવો છો તેનું કારણ એ છે કે તમે જૈન ધર્મની મહત્તા સમજો છો. આત્મારામજી મહારાજની ઉમેદ પણ જૈન ધર્મની મહત્તા જૈનો સમજી જીવનમાં ઉતારે તે જોવાની હતી. જમાનો પ્રગતિનો છે અને પ્રગતિકારો અને ક્રાન્તિકારો જ ઉન્નતિના કાર્યમાં ફાળો આપી શકે, ક્રાન્તિકારોને વગોવવાની કશીએ જરૂર નથી. જો આગળ વધવું હોય, જૈન સમાજને આગળ ધપાવવો હોય, જૈન ધર્મની પતાકા ફરકાવવી હોય તો પૂજ્ય ગુરૂ મહારાજને પગલે ચાલ્યા જશો અને તેમ કરેથી જ આપણે તેઓશ્રીની ઉમેદ કંઈક અંશે બર લાવી શકીશું. આપણે આપણાં બાળકોનાં હૃદયમાં જૈન ધર્મનાં ધાર્મિક તત્વો, ઉચ્ચ કેળવણી અને સ્ત્રી કેળવણીનાં તત્ત્વો રેડીશું તો આજે નહીં તો પંદર વર્ષે આપણે આપણાં બાળકોને સાચાં જૈનો બનાવી શકીશું.

## શેઠ લલ્લુભાઇ કરમચંદ.

એમણે જણાવ્યું કે સ્વ. જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજના કાલધર્મને ઓગણચાળીશ વર્ષ પૂરાં થાય છે. આ મહારાજશ્રીએ જૈન ધર્મની અનેકવિધ સેવા બજાવી છે. આગલા જમાનામાં જૈન ધર્મ સર્વત્ર પ્રચલિત હતો. હાલમાં સંખ્યા અને ધર્મના પ્રચારની વિગત જોશો તો ખેદ થશે. સ્વ. આત્મારામજી મહારાજનાં કામો હાલમાં થોડાકે ઉપાડી લીધા છે. તેમાં આજના મહોત્સવના પ્રમુખ આચાર્યશ્રી પણ એક છે. જૈનોને જૈન ધર્મનું ભાન કરાવવા માટે શ્રી દર્શનવિજયજી મહારાજ દીલ્હી અને મીરતના પ્રદેશમાં કાર્યો કરી રહ્યા છે અને થોડા સમય પછી તે પ્રદેશમાં સંખ્યા મોટી થયેલી જણાશે. શ્રી આત્મારામજી મહારાજે જૈન ધર્મના પ્રચારકાર્યને ઉપાડયું હતું અને તેમના તે કાર્યને યથાશક્તિ ફાળો આપી આ મહોત્સવની ઉજવણીનું સાર્થક કરવું જોઈએ.

## શ્રી ઉમેદચંદ બરોડીઆ.

એમણે સ્વ. આચાર્ય શ્રી આત્મારામજી મહારાજે જૈન ધર્મના પ્રચારનાં વાવેલાં બીને પ્રોત્સાહન આપવાની જરૂર દેખાડતાં સમાજ–શરીર રોગગ્રસ્ત થયેલું છે તે ટાળી સંગઠન કરવાની હીમાયત કરી હતી અને તે માટેની જડીબુટ્ટી શોધી કાઢવાની આચાર્ય શ્રી ( પ્રમુખ મહારાજશ્રી ) ને અપીલ કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુનિશ્રી ચરણવિજયજી.

એમણે જણાવ્યું કે સ્વ. આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિશ્વરજી પંજાબમાં ક્ષત્રીય કુળમાં જન્મ્યા હતા. તેમનું જન્મ સ્થળ ફીરોજપુર જીલ્લાના એક ગામડામાં હતું. એ વિજયાનંદસૂરિએ જ—આત્મારામજી મહારાજે જૈન સમાજમાં અનેક કાર્યો કરી અગ્રસ્થાન મેળવ્યું હતું. પછી તેઓશ્રી જૈન ધર્મના બહોળા પ્રચાર માટે બહાર પડ્યા હતા અને તેના સિદ્ધાંતનો બહોળો પ્રચાર કર્યો હતો અને તેમ કરવામાં તેમને નડેલી અનેક મુશીબતો સામે અડગ રીતે સામનો કરીને પોતાના સિધ્ધાંતનો પ્રચાર કરવામાં ફત્તેહ મેળવી હતી. એવા ઘણા દાખલાઓ તેમના જીવનમાંથી મળી રહેશે. અનેક મુસ્કેલીઓ વચ્ચે પંજાબમાં પંદર હજાર શ્રાવકો બનાવ્યા હતાં. આગળ ચાલતાં આત્મારામજી મહારાજનાં જીવનનો સંપૂર્ણ ટુંકમાં ખ્યાલ આપ્યા પછી ગુજરાતમાં તેમણે કરેલ પ્રચારની માહિતી આપતાં તેમનાં જીવનનું રહસ્ય જીવનમાં ઉતારવા આગ્રહ કર્યો હતો અને જણાવ્યું હતું કે સં. ૧૯૯૨ના ચૈત્ર માસમાં સ્વર્ગસ્થ આત્મારામજી મહારાજનાં જન્મને સો વર્ષ પૂરાં થાય છે, તેની શતાબ્દિ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આજે એમને દીક્ષા લીધે ૬૦ વર્ષ પૂરાં થયાં છે એટલે આપણે એમનો હીરક મહોત્સવ ઉજવીએ છીએ. પંજાબ—ગામે ગામ તેવી ગોઠવણ કરી. શતાબ્દિ મહોત્સવ ઉજવણીનું સ્થળ નક્કી નથી. ઘણાંઓ આમંત્રણ આપે છે, નક્કી થયે જાહેરાત થશે. આ કાર્ય માટે ફંડ ઉભું કરવાની યોજના કેટલાકો તરફથી થયેલી છે તેમાં રૂા. ૧૦૧) થી વધુ રકમ કોઇની પાસેથી લેવા ઇરાદો રાખવામાં આવ્યો નથી. ફંડનો ઉપયોગ જૈનધર્મનાં સાહિત્યનાં પ્રચારકાર્યમાં થશે. ફંડની શરૂઆત પાલણપુર, અમદાવાદ, વડોદરા, સુરત વગેરે સ્થળે થઇ છે. બાદ આ ફંડમાં ભરી આપવા તમારૂં કર્તવ્ય છે અને આ ફંડને સમૃદ્ધ બનાવી કાર્યને વધાવી લઇ તમો દેખાડશો.

ભૂપતરાય જમનાદાસ નામના આઠ નવ વર્ષની ઉંમરના છોકરાએ શ્રી આત્મારામજી મહારાજનું જીવનચરિત્ર છટાથી કહી સંભળાવ્યું હતું.

## જૈન કોન્ફરન્સના મદદનીશ મંત્રી.

શ્રી હરીલાલ એન. માનકરે શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિ ફંડની ઉત્પત્તિ, તેની યોજના વગેરેની વીગતો સમજાવી હતી અને કમીટીની નીમણુક, ફંડનો હેતુ વગેરે જણાવ્યા હતા અને અત્યારસુધી ભરાયેલ રકમોનાં નામો જાહેર કર્યાં પછી હાજર રહેનારાઓને ફંડમાં ભરી આપવા અપીલ કરતાં જણાવ્યું હતું કે આ ફંડનો હેતુ જોતાં મતમતાંતર હોય તો તે બાજુ રાખી પોતાના નામો જાહેર કરવાં જોઇએ અને ફાળો ભરી આપવો ઘટે છે.

બાદ હાજર રહેલાઓમાંથી કેટલાકો પોતાના નામો રૂા. ૧૦૧) અંકે એક સો એક ભરી આપી નોંધાવ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી મોતીચંદ કાપડિઆએ જણાવ્યું કે હાલ પ્રગતિનો જમાનો છે. મતમતાંતરો ભૂલી જઇ વિશાળતા કેળવવાની જરૂર છે, નહી તો આપણે કયાં જઇશું તેનો આરો નથી. બાદ આ ફંડની યોજનાને ટેકો આપવા જણાવ્યું હતું.

## પ્રમુખશ્રીનો ઉપસંહાર.

પ્રમુખ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ ઉપસંહાર કરતાં જણાવ્યું કે પંજાબ દેશમાં ગુરૂદેવનો ભારી ઉપકાર છે તે ત્યાં જુઓ તો ખબર પડે. અંબાલામાં માત્ર પાંત્રીસ ઘર છે છતાં તેઓ ત્યાં હાઇસ્કુલ, કન્યાશાળા તથા બીજી તેઓશ્રીનાં નામ સાથ જોડાયેલ ઘણીએ સંસ્થાઓ ચલાવી રહ્યા છે. તેમણે ઇનામો યોજના કરી હતી અને તેનું એક ઇનામ અત્રેની બાબુ પન્નાલાલ હાઈસ્કુલના વિદ્યાર્થીને મલ્યું છે. બાદ લાહોરના એક ગ્રહસ્થનો બીજા નિબંધની યોજના સંબંધી મળેલો પત્ર અને તેની હકીકતો પણ રજુ કરવામાં આવતાં જણાવ્યું કે તેઓ પંજાબીઓ એક જ ગુરૂના નેતૃત્વ તળે ચાલે છે એટલે સુંદર કામ કરી શકે છે. અત્રે તમે બધા એક થાઓ તો ઘણું સુંદર કાર્ય કરી શકો. પંજાબના જૈનોમાં ગુરૂભક્તિની ભાવના પ્રબળ છે અને આત્મારાજી મહારાજને સાચા માર્ગદર્શક તરીકે તેઓ માને છે. એક જ ગુરૂને માનનાર સંગીન કાર્ય કરી શકે માટે પ્રભુ મહાવીરનું શાસન છે એમ સમજી તેવા આદર્શ મુજબ વર્તો. બાદ આચાર્ય શ્રી આત્મારામજી મહારાજની સરસ્વતી મંદિર સંબંધી અંતિમ ઇચ્છા હતી તે હકીકત જણાવતાં ઠેર ઠેર વ્યવહારિક સાથે ધાર્મીક કેળવણીની યોજનાનો વિસ્તાર કરવા તથા કોલેજ અને યુનીવરસીટી સ્થાપવાની પોતાની યોજના પ્રમુખશ્રીએ જણાવી હતી અને તેને ટેકો આપવા જણાવ્યું હતું. બાદ સંઘસત્તાની આવશ્યકતા અને વીરચંદ રાઘવજીને વિલાયતગમન માટે દંડ આપવા મુંબઇ સંઘે વિચાર કર્યો હતો તે વખતે આત્મારામજી મહારાજ તથા મોહનલાલજી મહારાજે પણ સંઘની ઇચ્છાને માન આપ્યું હતું તે વાત જણાવી હતી. બાદ વ્યાધિગ્રસ્ત શરીરનો રોગ દૂર કરવા માટેની શ્રી બરોડીયાની સૂચના અંગે જણાવ્યું કે ઔષધ તમારા પાસે છે પણ તમે પીતા નથી. વીતરાગના પુત્રો છો, રાગ-દ્વેષ તજી દ્યો, સ્પર્ધા ભલે હો પણ ઇર્ષ્યા ન જોઇએ. આટલું કરો તો વ્યાધી તુરત દૂર થાય તેમ છે. છેવટે આત્મારામજી મહારાજની ધાર્મિક જ્ઞાનવાળા જૈન વિદ્વાનો પેદા કરવાની અને તે દ્વારા જૈન ધર્મની જ્યોત પ્રકટાવવાની આખરી ઉમેદ બર લાવવાનું કાર્ય સર્વેએ આગળ ધપાવવું અને તે માટે જૈનોમાં એકતા સ્થાપવાની જરૂર દર્શાવી હતી. બાદ સભા બપોરના બાર કલાકને અમલે વિસર્જન થઇ હતી.

બપોરે પૂજા-બ્રહ્મચર્ય-ચરિત્ર પૂજા ભણાવવામાં આવી. શ્રીફળની પ્રભાવના થઈ. મુંબઇ વિગેરેથી ૧૫૦૦ સો માણસોએ બપોરે પૂજામાં લાભ લીધો. સવાર અને બપોર મળીને ત્રણ હજાર માણસોએ લાભ લીધો. જયંતીનો અપૂર્વ ઠાઠ આવ્યો. બીજે દિવસે કાંતિભાઇ શેઠના આગ્રહથી સૂરિજી મહારાજે વ્યાખ્યાન એમના બંગલામાં જ વાંચ્યું. પ્રભાવના થઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્રે શતાબ્દિ ફંડની યોજના શ્રીયુત કાંતિભાઇ શેઠ, ડાહ્યાભાઇ ખાંડવાળા, પ્રેમચંદભાઇ, ફૂલચંદભાઇ, છગનભાઇ વિગેરેની કમીટીએ ઉપાડી લીધી છે અને ઘેર ઘેર જઇને ફંડનું કાર્ય ચાલુ કર્યું છે. કાંતિભાઇનો ઉત્સાહ અપૂર્વ હોવાથી ફંડનું કાર્ય ઘણું જ સુંદર ચાલે છે. દરેક ગામવાળાઓ આવી રીતે કામ ઉપાડી લે તો ગુરૂદેવની ભક્તિની સાથે જૈન ધર્મની, મહાવીર દેવના શાસનની મહાન્ સેવા કરી ગણાશે. આવતા વર્ષે સહુ કોઇએ શતાબ્દિ ઉજવવા તૈયાર રહેવું.

# શ્રી મુંબઇ ગોડીજીના ઉપાશ્રયમાં, શાસનપ્રભાવક શ્રીમદ્ આત્મારામજી મહારાજની ઉજવાયેલ જયંતિ.

પંજાબ દેશોદ્ધારક, ન્યાયાંભોનિધિ શ્રીમદ્ આત્મારામજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ ઉજવવાને માટે શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં જેઠ શુદ ૮ ના રોજ શ્રીમદ્ મોહનલાલજી મહારાજના પ્રશિષ્ય પંન્યાસ ઋદ્ધિમુનિજીના અધ્યક્ષપણા નીચે એક જાહેર સભા મળેલી. ઉપાશ્રયનો વ્યાખ્યાન હોલ શ્રોતાજનોથી ભરાઇ ગયો હતો. શરૂઆતમાં શ્રી ઋદ્ધિમુનિએ મંગલાચરણ કર્યા બાદ શ્રી૦ રાજપાળ મગનલાલ વ્હોરા ગુરૂગુણ સ્તુતિરૂપ એક કાવ્ય બોલ્યા હતા. ત્યારપછી મુનિરાજશ્રી વિશુદ્ધવિજયજીએ હિન્દી ભાષામાં મહારાજશ્રીના જીવન પર પ્રકાશ પાડયો હતો. ત્યારબાદ શ્રી લક્ષ્મીપથી પંજાબીએ પૂ૦ આચાર્ય મહારાજ વિષે બોલતાં જણાવ્યું હતું કે-જો જૈન મુનિ એક સૈનિક છે તો જૈનાચાર્ય કમાન્ડર ઇન ચીફ છે. પૂ૦ આત્મારામજી મહારાજે તેમના સમયમાં એવી ઉત્તમ રીતે જ શાસનસેવા કરેલી હતી. ત્યારબાદ શ્રીયુત્ મોતીચંદ ગિ૦ કાપડિયાએ બોલતા જણાવ્યું હતું કે યુગપ્રભાવિક પુરૂષ પચાસ વર્ષ પછીનો વિચાર કરીને કાર્ય કરે છે. તે કાળે શ્રી વીરચંદ ગાંધીને અમેરિકા મોકલાવ્યા તેમાં અનેક વિઘ્નો હતા. તેમ છતાં ભવિષ્યનો વિચાર કરીને તે કાર્ય આચાર્યશ્રીએ કર્યું હતું, તેમજ સમ્મતિતર્ક જેવા ગ્રંથને ૨૦૦ વર્ષની આંધી લાગી ગઇ હતી તે પણ મહારાજશ્રીના હસ્તે ઉદ્ધાર પામેલ છે. ત્યારબાદ શ્રી મોહનલાલ દી૦ ચોકસી બોલવા ઉભા થયા હતા. તેમણે આત્મારામજી મહારાજના જીવનપર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે હાલમાં આપણે અંદરોઅંદરના ઝગડામાં શક્તિનો વ્યર્થ વ્યય કરીએ છીયે તે યોગ્ય નથી. ચોથ–પાંચમની સંવત્સરીના ઝગડાઓ હવે તો બંધ જ થવા જોઇએ. જે દિવસે જેઓ. ધર્મકરણી કરશે તેને તે દિવસે પણ લાભકર્તા જ નીવડશે. ત્યારપછી શ્રીયુત્ નરોત્તમ ભગવાનદાસે પૂ૦ આચાર્યશ્રીના કેટલાક જીવનપ્રસંગો કહ્યા હતા. ત્યારબાદ મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી મહારાજશ્રીના જીવન વિષે બોલ્યા હતા. ત્યારપછી આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પ્રશિષ્ય મુનિરાજશ્રી સમુદ્રવિજયજી મહારાજે પૂ૦ આચાર્યશ્રીના જીવન વિષે સારો પ્રકાશ પાડ્યો હતો અને અંતમાં જણાવ્યું હતું કે–આત્મારામજી મહારાજના શિષ્યો હોય ત્યારે તો જયંતિ ઉજવાય છે, પરંતુ તેમની ગેરહાજરી હોય તો પણ પ્રતિવર્ષ આ તિથિ તો જરૂર ઉજવાવી જોઇએ. તથા આવતા વર્ષમાં તેઓશ્રીની શતાબ્દિ ઉજવવાની છે તેમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરેક પ્રકારે તમારો ફાળો આપીને શતાબ્દિને ફતેહમંદ બનાવશો. ત્યારબાદ શ્રી ઋદ્ધિમુનિજીએ પૂ૦ આત્મારામજી મહારાજ તથા મોહનલાલજી મહારાજની વચ્ચેના મીઠાં સ્મરણો કહ્યા હતા, અને અંતમાં તેમણે જણાવ્યું હતું કે ગચ્છાદિકના મતભેદ વધારવામાં આત્મકલ્યાણ નથી. વળી અમુકને વાંદવા અને અમુકને ન વાંદવા તે પણ યોગ્ય નથી કેમકે ગુરુના ગુણોમાં ગચ્છ કે પક્ષનું નામ નથી; પણ પાંચ મહાવ્રત આદિ જેઓ પામે તે ગુરુ હો, તેમ કહેલ છે. ત્યારપછી શ્રી હરિલાલ માંકડે શતાબ્દિમાં ભરાયેલ રકમો તે તે ગૃહસ્થોના નામ સાથે કહી સંભળાવી હતી. અંતમાં માંગળિક કહીને સભા વિસર્જન થઇ હતી શ્રીફળની પ્રભાવના થઇ હતી. તથા બપોરે ગોડીજી મહારાજના મંદિરમાં બ્રહ્મચર્યવ્રતની પૂજા ભણાવાઇ હતી.

---

# કવેટામાં થયેલ ધરતીકંપ, તેથી થયેલ સંહાર, તે માટે દરેક મનુષ્યે સહાય કરવાની અમૂલ્ય તક.

કાળ પરિવર્તન દરેક દેશ અને દરેક વસ્તુ ઉપર થયા કરે છે. મનુષ્યોને આશ્ચર્યયુક્ત, મુગ્ધ અને જડવત્ અમુક પ્રસંગો બનાવી દે છે. શાસ્ત્રકારે પાંચ નિમિત્ત કારણોને બતાવ્યા છે. તેમાં હોણહાર વસ્તુને પણ કોઇ મીથ્યા કરી શકતું નથી. ત્યાં મનુષ્યની બુદ્ધિ બહેર મારી જાય છે. ઉદ્યમ નકામો થઇ પડે છે, જે જ્યાં હોય ત્યાનું ત્યાં રહે છે અથવા મનુષ્યના ધારવામાં, જાણવામાં, સમજવામાં ન આવે તેવા ફેરફારો અજાયબીઓ ઉત્પન્ન તેથી થાય છે. મનુષ્ય કંઈ ધારે! કાળ શું કામ કરે છે? રાત્રીના ભરનિદ્રામાં સુતેલા મનુષ્યને પ્રાતઃકાળે કિં ભવિષ્યતિ? શું થશે? થાય છે તેનો ખ્યાલ વટીક પણ આવતો કે રહેતો નથી. ધારણા ધૂળ મળી જાય છે. નહિં સમજી શકાય તેવા બનાવો ફેરફારો થઇ જાય છે તેવું હાલમાં તા. ૩૧-૫-૧૯૩૫ ના રોજ રાત્રિના શુમારે ત્રણ વાગે ઉત્તર હિંદમાં આવેલ બલુચીસ્તાનના કવેટા શહેરમાં અને તેની આસપાસ ધરતીકંપ થતાં ( માત્ર ત્રીશ સેકંડમાં ) આખા કવેટા શહેરનો નાશ થતાં શુમારે છપન હજાર મનુષ્યોનો સંહાર થઇ ગયો છે અનેક ઘાયલ થયા છે અને કરોડો રૂપીયાની મીલ્કતને નુકશાન થયું છે. ન્યુસપેપરોમાં હેવાલ વાંચતાં હૃદયમાં કંપારી છૂટે છે, આઘાત થાય છે, હૃદય દ્રવે છે. હજી બિહારના ધરતીકંપથી જાનમાલને થયેલ નુકશાન વિસરાયું નથી, ત્યાં તેને ભૂલાવે તેવા ધરતીકંપથી ગજબજનક જાનોની સંહારની હકીકત સાંભળી દયાળુ મનુષ્યોનાં હૃદયો રૂવે છે. તે માટે સરકાર તરફથી તેમજ પેપરો તરફથી, મહાસભા વગેરે તરફથી ફંડો ખુલ્લા મૂકાયા છે. હિંદના દરેક દયાળુ મનુષ્યે તેમાં ફાળો આપી દિલસોજી બતાવી તે રીતે મદદ-સહાય-સેવા કરવાની આ અમૂલ્ય તક ભૂલવાની નથી. પરમાત્માની પ્રાર્થના કરવી જોઇએ કે આવા દુઃખદ ભયંકર અને હૃદયદ્રાવક પ્રસંગે હવે પછી ઉપસ્થિત ન થાય સામાજીક રીતે ઘણા પાપનો ઉદય થાય ત્યારે જ આવા આફતકારક પ્રસંગો ઉપસ્થિત થાય છે, માટે દરેક દેશવાસી કે પ્રજાજનોએ એવા પાપના પ્રસંગો ઉપસ્થીત ન થવા દેતાં દયા, અનુકંપા, દિલસોજી, દાન, પ્રાણીસેવા વગેરે સત્કાર્યો કરવા જેથી પુણ્યનો સંચય એકઠો થતાં આવી ભયંકર ઘટનાઓ ન બને. પરમાત્મા સર્વને તેવી સદ્બુદ્ધિ આપો એ જ પ્રાર્થના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણી થોડી નકલો છે, જલદી મંગાવો...જલદી મંગાવો...

# શ્રી કર્મગ્રંથ. (૪)

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મ ગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું કાળજીપૂર્વક સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતાંમ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. આ ગ્રંથને અંગે મળેલ આર્થિક સ્હાય થયેલ ખર્ચમાંથી બાદ કરી માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

—:લખો:—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર ફોટાઓ.

| | |
|---|---|
| શ્રી નેમનાથ સ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી | ૦-૧૨-૦ |
| શ્રી કેસરીયાજી મહારાજ. | ૦–૮–૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦–૮–૦ |
| શ્રી ગૌતમસ્વામી. | ૦–૮–૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦–૮–૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ. | ૦–૮–૦ |
| શ્રી પાર્શ્વનાથ પદ્માવતી. | ૦–૮–૦ |
| શ્રી ગીરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| શ્રી રાજગિરિ–સિદ્ધક્ષેત્ર. | ૦–૬–૦ |
| છ લેશ્યા. | |
| શ્રી મધુબિંદુ. | ૦–૬–૦ |
| પાવાપુરીનું જલમંદિર. | ૦–૮–૦ |
| **સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે.** | ૨–૮–૦ |
| જંબૂદ્વીપનો નકશો રંગીન. | ૦–૬–૦ |
| નવતત્વના ૧૧૫ ભેદનો નકશો.રંગીન | ૦–૨–૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર રંગીન બહુજ મોટી સાઇઝ | ૦–૬–૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.


## શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝના નવા ગ્રંથો.

### શ્રી વીતરાગ સ્તોત્ર તથા મહાદેવ સ્તોત્ર.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત (ઉપરોક્ત મહાપુરૂષની શતાબ્દિની શરૂઆત તરીકે) આ માંગલિક બે ગ્રંથો પ્રથમ મૂળ સંસ્કૃત ભાષામાં પ્રગટ થયેલ છે. તેના સંપાદક આચાર્યશ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય શ્રી **ચરણવિજયજી** મહારાજ છે. તેનું બરાબર શુદ્ધ રીતે સંશોધન વિદ્દ્વર્ય શ્રી **પુણ્યવિજયજી** મહારાજે કરેલ છે. વીતરાગ સ્તોત્રમાં પ્રભુની સ્તુતિ રૂપે વીશ પ્રકાશ (પ્રકરણ) ગુંથ્યા છે. કુમારપાળ મહારાજા નિમિત્તે જ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આ સ્તુતિરૂપ ગ્રંથ રચેલ હોવાથી કુમારપાળ મહારાજ દરરોજ સવારમાં ઉઠી આ સ્તોત્રનો પ્રથમ પાઠ કરતા હતા.

બીજો ગ્રંથ આ સાથે મહાદેવ સ્તોત્ર જોડેલો છે. તેમાં દેવનું સ્વરૂપ, મહાદેવ કોને કહેવા, કોણ હોઈ શકે ? આ બે સ્તોત્રોની પાછળ આ મહાન આચાર્યશ્રીની કૃતિ તરીકે **અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** તથા **અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા** બે બત્રીશી આપવામાં આવી છે. આ એકજ ગ્રંથમાં ચારેનો સમાવેશ કરેલો છે. ઉંચા કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાવી સુંદર બાઇંડીંગ કરાવેલ છે. સર્વ કોઈ લાભ લઇ શકે તે માટે માત્ર નામની બે આના કિંમત રાખેલ છે.

---

પ્રાકૃત ભાષાના અભ્યાસીઓને માટે—

### શ્રી આત્માનંદ શતાબ્દિ સીરીઝ પુસ્તક બીજું.

## ॥ प्राकृत व्याकरणम् ॥

## કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત.

### (અષ્ટમાધ્યાય પાઠ) સવિસ્તર ધાતુ પાઠ સહિત.

પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચૂલિકા પૈશાચી અને અપભ્રંશ એ છ ભાષાના નિયમો મૂળ સૂત્રરૂપે આ ગ્રંથમાં રચયિતા મહાત્માએ સારી રીતે બતાવ્યા છે. આ વ્યાકરણની અંતે સવિસ્તર પ્રાકૃત ધાત્વાદેશ અકારાદિ ક્રમથી આપ્યો છે, એટલે અભ્યાસીઓને કંઠાગ્ર કરવાની સરળતા પડે માટે પ્રથમ સંસ્કૃત ધાતુ અને પછી પ્રાકૃત સૂત્રના સપાદ અંક એ એક પૃષ્ઠમાં ત્રણ વિભાગ પાડવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલ મૂળ સૂત્રો અને તેના નિયમો એવી સરસ રીતે આપેલ છે કે અલ્પ પ્રયાસે કંઠાગ્ર થતાં વિશેષજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ રીતે મૂળ સૂત્રરૂપે આ પ્રથમ વખતજ આ ગ્રંથ પ્રગટ થાય છે. તે આખો ગ્રંથ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે તપાસેલ હોવાથી શુદ્ધ રીતે સુંદર શાસ્ત્રી ટાઈપથી નિર્ણયસાગર પ્રેસમાં ઉંચા કાગળો ઉપર પોકેટ નાની સાઇઝમાં પ્રગટ થયેલ છે. સર્વ કોઇ લાભ લઇ શકે માટે આટલા મોટા ગ્રંથની માત્ર ચાર આનાજ કિંમત રાખેલી છે. પોસ્ટેજ જુદું

લખો:— **જૈન આત્માનંદ સભા—ભાવનગર**


For Private And Personal Use Only